# વ્યાકરણ પરિચય

પ્રાપ્તિસ્થાન

www.mavjibhai.com

# પ્રકરણ – ૧

# અક્ષરને ઓળખો

## વ્યાકરણ એટલે શું ?

વ્યાકરણ એટલે કોઈ પણ ભાષા બોલવા અને લખવાના નિયમોનું શાસ્ત્ર અથવા તો તે ભાષાના નિયમોને લગતી વિદ્યા. સાદા શબ્દોમાં કહીએ તો જેનાથી શબ્દો સાચી રીતે કેમ બોલવા અને કેમ લખવા તેની ચોખવટ થાય તેવું શાસ્ત્ર. વ્યાકરણ ભાષાને નિયમબદ્ધ કરે છે અને બગડતી અટકાવે છે.

જ્યારે આપણે વ્યાકરણની વાત કરીએ ત્યારે આપણે ભાષા અને વ્યાકરણ વચ્ચેનો સંબંધ સ્પષ્ટપણે સમજી લેવો જોઈએ. પહેલા ભાષાનો ઉદ્‌ભવ થાય છે અને પછી વ્યાકરણ સર્જાય છે. જગતની કોઈ ભાષામાં પહેલા વ્યાકરણ તૈયાર થયું અને તેના આધારે ભાષાનું ઘડતર થયું હોય તેવું બન્યું નથી. પહેલા બાળકનો જન્મ થાય અને ઉછેર થાય અને પછી એ ઉછેરના અનુભવો પરથી બાળઉછેરના નિયમો તૈયાર થાય તેવી આ સ્વાભાવિક પ્રક્રિયા છે. જેમ બાળઉછેરના નિયમો કે ધારાધોરણ શાશ્વત કે સર્વસ્વીકાર્ય ન હોઈ શકે તેમ વ્યાકરણ કે જોડણીના નિયમો કદી શાશ્વત કે સર્વસ્વીકાર્ય બની શકે નહિ. વ્યાકરણ કે જોડણી વિશે સૌને પોતાના મંતવ્ય રજૂ કરવાનો હક્ક છે.

મધ્યયુગના સમયમાં વ્યાકરણ માટે 'શબ્દાનુશાસન' એવી ઓળખ અપાતી હતી કેમકે એમાં શબ્દોનું અનુશાસન એટલે ઉપદેશ કરાય છે. શબ્દાનુશાસનમાં ખોટા અક્ષર, ખોટા શબ્દ અને ખોટા વાક્યથી સાચા અક્ષર, સાચા શબ્દ અને સાચા વાક્ય જુદા પાડી તે બન્ને વચ્ચેનો ફરક સમજાવવામાં આવે છે. સંસ્કૃત ભાષામાં ઘણાં વ્યાકરણ રચાયા. સંસ્કૃતમાંથી કાળક્રમે ઉતરી આવેલી છ ભાષાઓ ષડ્ ભાષા કહેવાય છે. તે આ પ્રમાણે છે :

(૧) મહારાષ્ટ્રી પ્રાકૃત

(૨) શૌરસેની પ્રાકૃત

(૩) માગધી

(૪) પૈશાચી

(૫) ચૂલાકા પૈશાચી અને

(૬) અપભ્રંશ.

ઈસુની ૧૨મી સદીના ગુજરાતના વિદ્વાન હેમચંદ્રાચાર્યે સંસ્કૃત ભાષા ઉપરાંત પોતાના સમયની આ છ યે છ ભાષાના સાંગોપાંગ વ્યાકરણ ગ્રંથ ‘સિદ્ધહેમ શબ્દાનુશાસન’ની રચના કરી હતી તેથી જ તેમના ગુણગાન માત્ર ગુજરાતના નહિ પણ સમગ્ર ભારતના ભાષાશાસ્ત્રીઓ આજે પણ ગાય છે. તેમના સમયમાં ગુજરાતી ભાષાનો ઉદ્‌ભવ થયો ન હતો એટલે ગુજરાતી ભાષાનું વ્યાકરણ તેમણે લખ્યું હતું તેવું ન કહી શકાય. હેમચંદ્રાચાર્યે ‘શબ્દાનુશાસન’માં વ્યાકરણના મૂળસૂત્ર ઉપરાંત મૂળસૂત્રને સમજાવવા માટે લઘુ, મધ્યમા અને બૃહદ એમ ત્રણ વૃત્તિ તૈયાર કરી હતી અને ત્રણેયમાં વ્યાકરણની ઉત્તરોત્તર વધુ વિગતવાર છણાવટ છે. લઘુવૃત્તિમાં ૬૦૦૦, મધ્યમામાં ૯૦૦૦ અને બૃહદવૃત્તિમાં ૧૮,૦૦૦ શ્લોક છે.

આ ‘સિદ્ધહેમ શબ્દાનુશાસન’ની લઘુવૃત્તિનું સંપાદન-અનુવાદ-વિવેચન કરતો એક સુંદર ગુજરાતી ગ્રંથ પંડિત બેચરદાસ દોશીએ તૈયાર કર્યો છે અને તે ગુજરાત રાજ્યના યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ દ્વારા ૧૯૭૮માં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

હેમચંદ્રાયાર્યના સમય પછી કાળક્રમે પશ્ચિમ ભારતમાં મહારાષ્ટ્રી પ્રાકૃત ભાષામાંથી મરાઠી ભાષાનું અવતરણ થયું જ્યારે શૌરસેની પ્રાકૃત ભાષામાંથી જૂની ગુજરાતીનું ઘડતર થયું. જૂની ગુજરાતી ભાષા લગભગ ૧૮મી સદીની આખર સુધી બોલાતી, લખાતી અને વિકસતી રહી પરંતુ તેના બોલવા, લખવાના નિયમો નિયત કરતું કોઈ વ્યાકરણ ન લખાયું. જૂની ગુજરાતી ભાષા અને આપણે આજે જે ગુજરાતી ભાષા બોલીએ છીએ અને લખીએ છીએ તે

વચ્ચે ઘણો તફાવત છે. જૂની ગુજરાતી ભાષામાં લખાયેલું સાહિત્ય જેમકે ૧૪મી-૧૫મી સદીમાં રચાયેલા રાસ કે અન્ય કૃતિ આજે જો આપણે વાંચવા જઈએ તો તેમાં ભાગ્યે જ કંઈ સમજાય. જૂઓ કવિ અસાઈતે જૂની ગુજરાતીમાં વિક્રમ સંવત ૧૪૧૭માં રચેલી હંસાઉલી રાસની પ્રારંભિક પંક્તિઓઃ

*સકતિ સંભૂઅ સકતિ સંભૂઅ પત્ત પરમેસુ*
*સિદ્ધ બુદ્ધિ વર વિઘનહર કરુ કવિત મનિ ધરું આદિહિ*

૧૯મી સદીની શરૂઆતથી જૂની ગુજરાતી ભાષા બદલાવા લાગી અને તેમાંથી હાલની આર્વાચિન ગુજરાતી ઉપસવા લાગી. તે કાળમાં ગુજરાતમાં અંગ્રેજોનો પગપેસારો શરૂ થયો હતો અને તે સમય રાજકીય અસ્થિરતાનો સમય હતો. અંગ્રેજી રાજની અગાઉ જ્યારે મોગલ સુબાઓ, મુસ્લિમ નવાબ-સુલતાનો કે મરાઠી ચોથ ઊઘરાવનારાઓનું ગુજરાતમાં રાજ હતું ત્યારે એટલે ૧૯મી સદીની શરૂઆત સુધી ગુજરાતી ભાષા તુચ્છ લેખાતી હતી. 'શું શાં પૈસા ચાર' કહેવતમાં તે વખતના ૧૭-૧૮મી સદીના જમાનાના વાતાવરણની ઝલક જોવા મળે છે. નવાઈની વાત એ છે કે આ આપણી ભાષાની 'શું શાં પૈસા ચાર'ની પરિસ્થિતિ અંગ્રેજોએ દૂર કરી!

એક વખત સમગ્ર ગુજરાત પર અંગ્રેજોનો અંકુશ આવી ગયો ત્યાર પછી વાતાવરણ બદલાયું. અંગ્રેજી રાજભાષા બની. પરંતુ અંગ્રેજોએ વેપાર કરવા અને રાજ ચલાવવા માટે માત્ર અંગ્રેજી પર મદાર રાખ્યો નહિ. તેમણે સામાન્ય પ્રજા સાથે પનારો પાડવા માટે ગુજરાતી ભાષાને વધુ મહત્વ આપ્યું અને તેથી ગુજરાતમાં ફારસી-અરબી કે મરાઠી ભાષા કરતાં ગુજરાતી ભાષાની આબરુ વધી. ગુજરાતી પ્રજા સાથે સંપર્ક વધારવા અને રાજનું કામ સરળ બનાવવા ઘણાં અંગ્રેજ અમલદારો મહેનત કરીને ગુજરાતી ભાષા પણ શીખ્યા. સર ટી.સી. હોપ કે ફાર્બસ જેવા અંગ્રેજોનું ગુજરાતીનું જ્ઞાન તે સમયના ઘણા ગુજરાતી વિદ્વાનો જેટલું જ હતું. આજે પણ કાકા કાલેલકર કે ફાધર વૉલેસ કરતાં અમને વધુ સારું ગુજરાતી આવડે છે એમ આપણામાંથી  કેટલા માણસ માથું ઊંચું રાખી કહી શકે તેમ છે?

# ગુજરાતી ભાષાનો વિકાસક્રમ

હેમચંદ્રાચાર્ય (ઈ.સ. ૧૦૮૮-૧૧૭૨)ના સમયથી માંડીને આધુનિક સમય સુધીની આપણી ભાષાની વિકાસયાત્રાનો ઘણાં બધાં વિદ્વાનોએ ઊંડો અભ્યાસ કર્યો છે. આ વિકાસના કેશવલાલ ધ્રુવે આપેલા ત્રણ તબક્કાઓ નીચે પ્રમાણે છેઃ

૧. અપભ્રંશ કે જૂની ગુજરાતીઃ ૧૦મી કે ૧૧મી સદીથી ૧૪મી સદી સુધી,
૨. મધ્યકાલીન ગુજરાતીઃ ૧૫મી સદીથી ૧૭મી સદી સુધી, અને
૩. આધુનિક ગુજરાતીઃ ૧૮મી સદીથી શરૂ થયેલો તબક્કો

નરસિંહરાવ દિવેટીયાએ નીચે પ્રમાણે છ તબક્કાઓમાં ગુજરાતી ભાષાની વિકાસરેખા દોરી છેઃ

૧. અપભ્રંશઃ વિક્રમ સંવત ૯૫૦ સુધી,
૨. મધ્ય અપભ્રંશઃ વિક્રમની ૧૩મી સદી સુધી,
૩. અંતિમ કે ગુર્જર અપભ્રંશઃ વિક્રમની ૧૩મી સદીથી વિક્રમ સંવત ૧૫૫૦ સુધી,
૪. જૂની ગુજરાતીઃ વિક્રમ સંવત ૧૫૫૦થી વિક્રમ સંવત ૧૬૫૦.
૫. મધ્યકાલીન ગુજરાતીઃ વિક્રમ સંવત ૧૬૫૦થી વિક્રમ સંવત ૧૭૫૦.
૬. આધુનિક ગુજરાતીઃ વિક્રમ સંવત ૧૭૫૦થી આજ સુધી.

તો, કેશવરામ કા. શાસ્ત્રી નીચે પ્રમાણે ગુજરાતી ભાષાની વિકાસરેખા આપે છેઃ

૧. ગુર્જર અપભ્રંશ કે જૂની ગુજરાતીઃ(અ) પ્રથમ તબક્કોઃ ઈસુની ૬ઠ્ઠી સદીથી ૧૧મી સદી સુધી(બ) દ્વિતીય તબક્કોઃ ૧૪મી સદીના પૂર્વાર્ધ સુધી,
૨. ગુર્જર ભાષા કે મધ્યકાલીન ગુજરાતીઃ ૧૪મી સદીના ઉત્તરાર્ધથી ૧૭મી સદીના પૂર્વાર્ધ સુધી,
૩. આધુનિક ગુજરાતીઃ(અ) પ્રથમ તબક્કોઃ ૧૭મી સદીના ઉત્તરાર્ધથી ૧૯મી સદીના પ્રથમ ૨૫ વર્ષ સુધી અને (બ) દ્વિતીય તબક્કોઃ હાલની ભાષા.

વિદ્વાનોની આ વિશદ્ છણાવટમાં ન પડીએ પણ સાદી સમજણથી કામ લઈએ તો પ્રેમાનંદના (ઈ.સ. ૧૬૩૬-૧૭૩૪) સમયથી આપણી ભાષાને ગુજરાતી ભાષા તરીકે ઓળખ મળી તેમ ગણાય કેમકે પ્રેમાનંદ એવા સાહિત્યકાર હતા કે જેમણે *પોતાની ભાષા ગુજરાતી છે* એવો પહેલી વખત ઉલ્લેખ કર્યો હોય. પ્રેમાનંદ અગાઉ થઈ ગયેલા કોઈ કવિ કે લેખકે પોતાની ભાષા ગુજરાતી છે એવો ઉલ્લેખ કર્યો હોવાનું જાણવા મળ્યું નથી.

કોઈ છાપેલા પુસ્તકમાં ગુજરાતી ભાષા જોવા મળી હોય તેવું ૧૯મી સદીની શરૂઆતમાં પહેલી વખત નોંધાયું. ઈ.સ. ૧૮૦૫માં 'ઈલેસ્ટ્રેશન્સ ઓફ ધ ગ્રામેટિકલ પાર્ટ્સ ઓફ ગુજરાતી મરહટ્ટ એન્ડ ઈંગ્લિશ લેંગ્વેજિસ' નામનું પુસ્તક પ્રગટ થયું. આ ત્રિભાષી પુસ્તક મુખ્યત્વે અંગ્રેજી પુસ્તક હતું અને તેમાં ગુજરાતી અને મરાઠી બન્ને ભાષાને વ્યાકરણની દ્રષ્ટિએ સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. મુંબઈની ફાર્બસ ગુજરાતી સભાએ આ પુસ્તક સ્કેન કરી ઈ-પુસ્તક તરીકે ઉપલબ્ધ બનાવ્યું છે. તે પુસ્તક વાંચીએ તો તે સમયની ગુજરાતી ભાષા આજની આપણી ગુજરાતી ભાષાથી કેટલી જુદી હતી તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. આ પુસ્તક એક અંગ્રેજ ડૉક્ટર રોબર્ટ ડ્રમન્ડે લખ્યું અથવા તૈયાર કર્યું હતું. 'ઓગણીસમી સદીની ગુજરાતી ગ્રંથસમૃદ્ધિ'માં દીપક મહેતાએ નોંધ્યા પ્રમાણે ડૉ. ડ્રમન્ડ વડોદરા વિસ્તારમાં રેસિડેન્ટ જનરલ ડોક્ટર હતા એટલે તેથી તેમને ત્યાં ગુજરાતી ભાષાનો પરિચય થયો હશે.

અંગ્રેજ રાજના વખતથી ભારતમાં દાખલ થયેલી અને આઝાદી બાદ આપણા દેશમાં વધુ પ્રભુત્વ પામેલી અંગ્રેજી ભાષા માટે આપણી નારાજગી અને વિરોધ સકારણ અને વાજબી છે. પરંતુ એ ન ભૂલાવું જોઈએ કે અંગ્રેજોએ ભલે પોતાના સ્વાર્થને ખાતર તો સ્વાર્થને ખાતર પણ કેટલાંક સારાં કામ પણ કર્યાં. જેમ કે રસ્તાઓ, પૂલ અને રેલ્વે બાંધવાનું તથા તાર-ટપાલ વગેરે વ્યવહાર દાખલ કરવાનું કામ. અંગ્રેજોએ કરેલું આવું જ એક સારું કામ તે ગુજરાતી ભાષાના શિક્ષણને ઉત્તેજન-પ્રોત્સાહન આપવાનું હતું. ૧૯મી સદીમાં ગુજરાતમાં ઠેર ઠેર નિશાળો ખુલી અને તેમાં અંગ્રેજી ઉપરાંત પદ્ધતિસર ગુજરાતીનું શિક્ષણ શરૂ થયું. પ્રારંભમાં કંપની સરકારના રાજમાં અને ૧૮૫૭ પછી રાણી વિક્ટોરિયાની સરકારના

રાજમાં કેળવણી ઉત્તેજનના સતત પ્રયાસોના કારણે ઈતિહાસમાં પહેલી વખત ગુજરાતમાં ગુજરાતી ભાષાના અક્ષરજ્ઞાનનો વ્યાપ વધ્યો. સામાન્ય લોકો ગુજરાતી લખતા-વાંચતા થયા.

*(એક આડ વાત કરીએ તો માત્ર અંગ્રેજી ભાષા દૂર કરવાથી ગુજરાતી ભાષા કે અન્ય કોઈ ભારતીય ભાષાનું ગૌરવ આપમેળે વધી જવાનું નથી. ગુજરાતીને તો દેવી સરસ્વતીની ગૌરવવંતી માનીતી પુત્રી બનાવવા માટે હજારો ગુજરાતીઓએ ઘણો પરસેવો પાડવો પાડવો હજુ બાકી છે.)*

## વ્યાકરણ શિક્ષણનો પ્રારંભ

૧૮૫૭ના વિપ્લવ પછી અંગ્રેજ અમલદારોએ પ્રજાના ઉપલા વર્ગને બાજુએ રાખી સામાન્ય પ્રજા સાથે સંપર્ક વધારવાનું શરૂ કર્યું. સામાન્ય પ્રજા સુધી અક્ષરજ્ઞાન, કેળવણી અને શિક્ષણ પહોંચાડી રાજના પાયા મજબૂત બનાવવાનું વિચારાયું. માત્ર મુંબઈ કે અમદાવાદ જેવા મોટા શહેરો નહિ, નાના નાના ગામોમાં પણ સરકારી અને ખાનગી નિશાળો શરૂ થઈ. આ નિશાળોમાં માત્ર અંગ્રેજીના નહિ પણ અંગ્રેજી અને ગુજરાતી બન્નેના શિક્ષણને ભાર અપાયો. તે સમયે ગુજરાતી ભાષા વ્યાપકપણે બોલાતી તો હતી પણ ગુજરાતી વ્યાકરણના કોઈ નિયમો ઘડાયા ન હતા. આથી આ નવી નિશાળોમાં શરૂઆતમાં અંગ્રેજી ભાષાના વ્યાકરણના નિયમોથી પ્રેરાયેલાં ગુજરાતી ભાષાના વ્યાકરણ નિયમોનું શિક્ષણ આપવાનું શરૂ થયું.

૧૮૫૮માં મંબઈ ઈલાકાના અંગ્રેજ શિક્ષણ અધિકારી સર ટી.સી. હોપ દ્વારા શાળાના ગુજરાતી અભ્યાસક્રમમાં 'હોપ વાંચનમાળા' દાખલ કરાઈ અને તેની સાથે ગુજરાતી વ્યાકરણનું પુસ્તક પણ અભ્યાસ માટે દાખલ કરવામાં આવ્યું. આપણી ગુજરાતી ભાષાના વ્યાકરણનું આ પહેલું છપાયેલું પુસ્તક હતું જે સંભવતઃ અમદાવાદની ગુજરાત વિદ્યાપીઠની લાઈબ્રેરીમાં આજે પણ સાચવી રખાયું છે. સર હોપને આ વ્યાકરણ તૈયાર કરવામાં કાઠિયાવાડના બે શિક્ષણ અધિકારીઓ રાવસાહેબ ભોગીલાલ પ્રાણવલ્લભદાસ અને આઝમ દુર્ગારામ મંછારામની મદદ મળી હતી. હોપના વ્યાકરણ પછી આપણું બીજું વ્યાકરણ

અંગ્રેજ સરકારના ગુજરાતી ભાષાંતર અધિકારી રાવબહાદુર મહિપતરામ રૂપરામ નીલકંઠે લખ્યું હતું.

થોડા વર્ષો પછી મુંબઈ સરકારના કેળવણી ખાતા દ્વારા સ્થાનિક જાણકાર માણસોની મદદ વડે ગુજરાતી વ્યાકરણમાં ભારતીય ભાષા પ્રણાલીને અનુરૂપ હોય એવા અન્ય નિયમો પણ સંસ્કૃત, પ્રાકૃત વગેરેમાંથી પ્રેરણા લઈ આમેજ કરવામાં આવ્યા. ૧૮૬૭માં હોપકૃત ગુજરાતી વ્યાકરણની સુધારેલી બૃહદ આવૃતિ બહાર પડી જેનો ઘણો વ્યાપક ફેલાવો થયો. ગુજરાતી ભાષા નિયમબદ્ધ બની. અન્ય લેખકોનાં વ્યાકરણ પુસ્તકો આવવા લાગ્યા. રેવરન્ડ જે.વી.એસ. ટેલર, હરજીવન દ્વારકાદાસ કાંટાવાળા વગેરેએ વ્યાકરણના પંડિતાઈથી ભરપુર વધુ વિસ્તૃત પુસ્તક લખ્યા અને તે લોકપ્રિય પણ બન્યા. લોકો પોતાને ફાવે તે રીતે બોલવા-લખવાના બદલે શિસ્તમાં રહીને બોલવા-લખવા તરફ આકર્ષાયા. ગુજરાતી ભણેલા-ગણેલાનો એક નવો વર્ગ ઊભો થયો. અક્ષરક્ષાનનો વ્યાપ વધવાથી સામાયિકો-પુસ્તકોનો ફેલાવો શક્ય બન્યો. 'હોપ વાંચનમાળા' ભણેલા લોકોએ જ સાહિત્ય રુચિ કેળવી આર્વાચિન ગુજરાતી સાહિત્યનો પાયો નાખ્યો. ગુજરાતી ભાષામાં કોઈ વિકસિત ભાષાની માફક શિષ્ટ સાહિત્યનું સર્જન શરૂ થયું.

નવા ગદ્યસાહિત્યમાં ધાર્મિક સાહિત્ય ઉપરાંત લલિત નિબંધ અને સામાજિક-રાજકીય લેખ લખાવા શરૂ થયા. ૧૮૬૦ની સાલમાં મહિપતરામ રૂપરામ નીલકંઠને અંગ્રેજ સરકારે અંગ્રેજી કેળવણીની પ્રથાને રૂબરૂ નિહાળવા માટે ઈન્ગ્લેન્ડના પ્રવાસે મોકલ્યા અને આ પ્રવાસ પછી ૧૮૬૧માં મહિપતરામે પોતાના પ્રવાસનું વર્ણન કરતું એક સુંદર ગુજરાતી પુસ્તક લખ્યું. પછી ૧૮૬૬ની સાલમાં ગુજરાતી ભાષાની સૌથી પહેલી નવલકથા 'કરણઘેલો' લખાઈ. ૧૮૮૭માં પ્રગટ થયેલા સરસ્વતીચંદ્ર ભાગ-૧થી ગુજરાતીમાં સાહિત્યના નવા યુગની શરૂઆત થઈ. બધાં સાહિત્યિક ગુણ ધરાવતી આપણી પહેલી ટૂંકી વાર્તા 'ગોવાલણી' તો છેક ૧૯૧૮માં લખાઈ અને 'વીસમી સદી' સામાયિકમાં પ્રસિદ્ધ થતાંની સાથે ઘણી પ્રશંસા પામી.

આફ્રિકાથી ભારત પાછા આવ્યા પછી ગાંધીજીએ ગુજરાતી ભાષાની જોડણીના ધોરણો નક્કી કરવાનો આગ્રહ શરૂ કર્યો અને ૧૯૨૯ની સાલમાં સાર્થ જોડણી કોશ પ્રસિદ્ધ થયો. તે સમયે 'હવે પછી કોઈને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી' એવું જાહેર કહી તેમણે ગુજરાતી ભાષાને નવી ઊંચાઈ આપી. ત્યાર પછી ગુજરાતી ભાષાનો સતત સુંદર વિકાસ થતો રહ્યો છે.

ગુજરાતી ભાષામાં હાલ વ્યાકરણના જે નિયમો છે તે અંગ્રેજી અને સંસ્કૃત ભાષાના નિયમો પર આધારિત છે પણ તે વાત મહત્વની નથી. મહત્વની વાત એ છે કે આજે આપણી પાસે આપણાં પોતાનાં વ્યાકરણનાં નિયમો છે અને તે નિયમો જાણીએ, શીખીએ અને ધ્યાનમાં રાખીએ તો આપણા માટે સાચી અને સારી ગુજરાતીમાં અને વધુ કોશિશ કરીએ તો સ્વચ્છ, સ્પષ્ટ, સુંદર, સરળ, સહજ, સભ્ય, શિષ્ટ, સૌમ્ય, સંસ્કારી, અને સુમધુર ગુજરાતીમાં બોલવું-લખવું શક્ય છે.

બર્નાર્ડ શૉના લોકપ્રિય નાટક પિગ્મેલિયન (૧૯૧૨) પરથી ૧૯૬૪માં બનેલા અંગ્રેજી ચિત્રપટ 'માય ફેર લેડી'માં એવું ગીત હતું કે Why can't English teach their children how to speak? આપણને પણ એ જ ખેદ થવો જોઈએ કે આપણા સંતાનોએ ગુજરાતી સાચી રીતે કેવી રીતે બોલવું કે લખવું તેનો આગ્રહ આપણે કેમ રાખતા નથી?

ચાલો આપણે સૌથી પહેલા જાણીએ કે અક્ષર શું છે? શબ્દ શું છે અને વાક્ય શું છે, પદ શું છે અને પદના કેટલા પ્રકાર છે? આ પાયાનું જ્ઞાન છે. એ જ્ઞાન મેળવીએ પછી જ વ્યાકરણનો વધુ અભ્યાસ થઈ શકે. અત્રે આ બાબતની માત્ર પ્રાથમિક માહિતી રજૂ થઈ છે. અત્રે અપાયેલી માહિતીને કોઈ પાઠ્યપુસ્તક જેટલું મહત્વ આપવાની જરૂર નથી કેમકે ઘણાં જાણકાર વિદ્વાનોએ વ્યાકરણની આ બધી બાબતોની અલગ અલગ રીતે લંબાણપૂર્વક છણાવટ કરી છે એટલે તેમનો અભિપ્રાય વધુ આધારભૂત ગણાય. અહીં અપાયેલા લખાણનું મહત્વ ફક્ત પૂરક અને વૈકલ્પિક માહિતી પૂરી પાડવા જેટલું છે.

## અક્ષર એટલે શું ?

અક્ષર શું છે તે સમજવા માટે પહેલા ભાષા શું છે તે જોઈએ. ઘણા જાણકાર માણસોએ ભાષા એટલે શું તેની બહુ જ સરળ સમજૂતી આપી છે. તેમના કહેવા પ્રમાણે માણસને પોતાના મનનાં ઉત્પન્ન થતા ભાવ અને વિચાર અન્યને જણાવવા માટે કુદરતી આવડત છે અને જે માધ્યમ દ્વારા આ ભાવ અને વિચારની અભિવ્યક્તિ થાય તે માધ્યમને ભાષા કહેવાય. માનવી સિવાયના પ્રાણીઓમાં આ આવડત બહુ ઓછા પ્રમાણમાં વિકસી છે. માણસજાતમાં આ ભાવ અને વિચારની આપ-લેની શરૂઆત ઈશારાથી થઈ. ભાષાનું તે પહેલું પગથિયું. પછી ઈશારાનું માધ્યમ ટૂંકુ પડ્યું એટલે જીભ અને મોઢાના અવાજ વડે એક બીજાને સમજાવવાનું શરૂ થયું. આમ વાણિ એ ભાષાનું બીજું પગથિયું બન્યું. અને માનવ વિકાસ આગળ વધ્યો પછી બોલાયેલા બોલ લખવાની શોધ થઈ. આમ લેખન એ ભાષાનું ત્રીજું પગથિયું છે. જ્યાં સુધી માત્ર ઈશારાનું ચલણ હતું ત્યાં સુધી અક્ષર આવ્યા ન હતા પણ બોલી શરૂ થઈ એટલે અક્ષરો આવ્યા. હવે ઈશારાની ભાષાને ભાષા તરીકે ઓળખવામાં આવતી નથી. માત્ર બોલાતા-લખાતા શબ્દોની ભાષા જ ભાષા ગણાય છે. જે સ્પષ્ટ ઉચ્ચાર-લેખન વડે માણસ પોતાના મનમાં શું છે તે બીજાને જણાવે તે ભાષા કહેવાય.

માણસ બોલે છે ત્યારે બે પ્રકારે બોલી શકે. એક તો ન સમજાય એવા ચિત્ર-વિચિત્ર અવાજ કાઢી ને તે બોલી શકે અને બીજું સાંભળનાર વ્યક્તિ તે સમજી શકે તે રીતે બોલે છે. ન સમજાય તેવા અવાજ તે ભાષા નથી પણ સમજી શકાય એવા ઉચ્ચારણ તે ભાષા છે.

અક્ષર એ ભાષામાં થતો ટૂંકામાં ટૂંકો ઉચ્ચાર છે. ભાષાનું તે નાનામાં નાનું એકમ છે. અક્ષર વડે શબ્દ બને છે અને શબ્દ વડે વાક્ય બને છે. આમ ટૂંકામાં ટૂંકા ઉચ્ચાર એટલે અક્ષર.

## અક્ષરના પ્રકાર

આપણી ગુજરાતી ભાષા સંસ્કૃત ભાષામાંથી કાળક્રમે ઉતરી આવી છે એટલે ગુજરાતી અક્ષરો મોટા ભાગે સંસ્કૃત અક્ષરો જેવા જ છે પણ કેટલાંક સંસ્કૃત અક્ષર ગુજરાતીમાં નથી

તો કેટલાંક ગુજરાતી અક્ષર સંસ્કૃતમાં નથી. ગુજરાતી અક્ષરને બે વિભાગમાં વહેંચી શકાય. (૧) મૂળાક્ષર અને (૨) જોડાક્ષર. આ મૂળાક્ષરોના સ્વર અને વ્યંજન એવા બે વિભાગ છે. આ બન્ને વિભાગ ચાલો આપણે સમજીએ.

જે અક્ષર અન્ય કોઈ અક્ષરની મદદ વિના બોલી શકાય તેને સ્વર કહેવાય. સ્વર એટલે એવા સ્પષ્ટ ઉચ્ચારો જે ગમે તેટલા લંબાવ્યા હોય તો પણ એક સરખા જ રહે. ગુજરાતી ભાષામાં કુલ સ્વરની કેટલી છે તે વિશે આ પ્રમાણે વિવિધ મત વ્યક્ત થયા છે.

(૧) કુલ સંખ્યા ૧૦ છે. તે આ પ્રમાણે છેઃ અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, એ, ઐ, ઓ અને ઔ

(૨) કુલ સંખ્યા ૧૧ છે. તે આ પ્રમાણે છેઃ અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, એ, ઐ, ઓ અને ઔ

(૩) કુલ સંખ્યા ૧૨ છે. તે આ પ્રમાણે છેઃ અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, એ, ઐ, ઓ, ઔ, અં અને અઃ

(૪) કુલ સંખ્યા ૧૩ છે. તે આ પ્રમાણે છેઃ અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, એ, ઐ, ઓ, ઔ, અં અને અઃ

આ ચારે મત પોતાની રીતે સાચા છે. દા. ત. ઋ. આ સ્વર આમ તો ગુજરાતી નથી પણ આપણને તેના વિના ચાલતું નથી એટલે તે આપણો કાયમી મહેમાન બની ગયો છે અને ગુજરાતી જ ગણાય છે. તેના વગર આપણે ઋષિઓને રુષિઓ તરીકે ઓળખવા પડે અને ઋતુઓ રુતુ બની જાય જે આપણને ગમતું નથી કેમકે આપણે ઘણાં તત્સમ શબ્દથી એવા ટેવાઈ ગયા છીએ કે તેના તદ્‌ભવ શબ્દ ઘડવા શક્ય છે એ બાબત આપણા મગજમાં આવતી જ નથી. સમ ખાવા જેટલાં તત્સમ શબ્દો સિવાય ઋ સ્વરનો કોઈ ઉપયોગ નથી. ઋ સ્વર પ્રાકૃતના તબક્કાથી જ લોપ થઈ ગયો હતો. પરંતુ આપણે એને પરાણે પાછો લઈ આવ્યા છીએ.

એ જ રીતે વ્યાકરણના પુસ્તકોમાં  અં અને અઃ નો સ્વર તરીકે ભલે ઉલ્લેખ થાય છે પણ અં સ્વરમાં અનુસ્વારનો અને અઃ સ્વરમાં વિસર્ગનો ઉમેરો કરાયેલો છે આ અનુસ્વાર અને વિસર્ગ વ્યંજન હોવાથી અં અને અઃ સ્વતંત્ર સ્વર ન ગણી શકાય. એટલે જે લોકો સ્વરની સંખ્યા ૧૦ ગણે છે, ૧૧ની ગણે છે, ૧૨ની ગણે છે અને ૧૩ની ગણે છે તે બધાં પોતાની રીતે સાચા છે.

વ્યંજનઃ વ્યંજન એટલે જેમનો ઉચ્ચાર સ્વરની સહાયતા વિના ન થઈ શકે તેવા અક્ષર. ગુજરાતીમાં વ્યંજનની સંખ્યા ૩૪ છે. આ વ્યંજનો આ પ્રમાણે છેઃ

ક્, ખ્, ગ્, ઘ, ઙ્

ચ્, છ્, જ્, ઝ્, ઞ્

ટ્, ઠ્, ડ્, ઢ્, ણ્

ત્, થ્, દ્, ધ્, ન્

પ્, ફ્, બ્, ભ્, મ્

ય્, ર્, લ્, વ્

શ્, સ્, ષ્, હ્, ળ્

આ વ્યંજનોને ખોડા અક્ષર અથવા હલન્ત તરીકે ઓળખવામાં આવે છે. આ ખોડા અક્ષરમાં જ્યારે સ્વર અ ઉમેરવામાં આવે ત્યારે કક્કાના અક્ષર બને. જેમકે ક્ + અ = ક, ખ્ + અ = ખ. આ પૂરા અક્ષર મૂળાક્ષર તરીકે ઓળખાય છે.

અગાઉ ગુજરાતી ભાષામાં ૩૬ મૂળાક્ષરનો કક્કો હતો જેમાં ક્ થી ળ્ સુધીના ૩૪ વ્યંજનમાં અ સ્વર ભેળવી તેના ક થી ળ સુધીના અક્ષર ગણવામાં આવતા હતા અને તે ઉપરાંત ક્ષ અને જ્ઞ ને પણ મૂળાક્ષર ગણવામાં આવતા હતા. હવે આ કક્કામાંથી ઙ અને ઞ  વપરાશ બહાર ગયા છે અને ક્ષ અને જ્ઞને સાચી રીતે જોડાક્ષરની ઓળખાણ અપાઈ છે. આમ ઙ, ઞ, ક્ષ અને જ્ઞ વિના આપણો કક્કો હવે ક થી ળ સુધીના ૩૨ મૂળાક્ષરનો બની ગયો છે.

જ્યાં સુધી બારાખડીને લાગે વળગે છે ત્યાં સુધી તેમાં અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, એ, ઐ, ઓ, ઔ, અં અને અઃ એમ બાર સ્વરને મોટા ભાગના લોકોએ માન્ય રાખ્યા છે. એટલે ક, ખ, ગ, એમ બધાં અક્ષરની બારાખડી નીચે પ્રમાણે પ્રચલિત છેઃ

ક, કા, કિ, કી, કુ, કૂ, કે, કૈ, કો, કૌ, કં અને કઃ
ખ, ખા, ખિ, ખી, ખુ, ખૂ, ખે, ખૈ, ખો, ખૌ, ખં અને ખઃ
ગ, ગા, ગિ , ગી, ગુ, ગૂ, ગે, ગૈ, ગો, ગૌ , ગં અને ગઃ

આમ આપણાં મૂળાક્ષરની કુલ સંખ્યા ૧૨ સ્વર અને ૩૨ જેટલા વ્યંજન-સ્વરના સંયોજનથી બનતા અક્ષરો સાથે કુલ ૪૪ની થાય છે.

સ્વરનું વધુ વર્ગીકરણ હ્રસ્વ સ્વર, દીર્ઘ સ્વર અને સંધિ સ્વર તરીકે કરવામાં આવે છે.

હ્રસ્વ સ્વર એટલે બોલવામાં ટૂંકા સ્વર. હ્રસ્વ સ્વર ત્રણ છે – અ, ઇ અને ઉ. જો ઋ નો પણ સ્વરમાં સમાવેશ કરો તો કુલ હ્રસ્વ સ્વરની સંખ્યા ચાર છે. દીર્ઘ સ્વર એટલે જેનો સહેજ લાંબો ઉચ્ચાર થાય છે એવા સ્વર. દીર્ધ સ્વર ત્રણ છે – આ, ઈ અને ઊ.

સંધિસ્વર એટલે ઉપર જણાવેલા મૂળભૂત હ્રસ્વ અને દીર્ઘ સ્વરના સંયોજન વડે બનેલા સ્વર. એ, ઐ, ઓ અને ઔ એ ચાર સ્વરને સંધિસ્વર કહેવામાં આવે છે. આ ચાર સ્વરોની સંધિ આ પ્રમાણે છે–

અ + ઇ = એ
અ + એ = ઐ
અ + ઉ = ઓ
અ + ઓ = ઔ

પિંગળ એટલે કે કવિતાના તાલ-માપ માટેના શાસ્ત્રમાં હ્રસ્વ સ્વરને લઘુ કહેવામાં છે અને તેની એક માત્રા ગણવામાં આવે છે જ્યારે દીર્ઘ અને સંધિસ્વરને ગુરુ કહેવામાં આવે છે અને તેની બે માત્રા ગણવામાં આવે છે.

હ્રસ્વ, દીર્ઘ અને સંધિસ્વર ઉપરાંત સ્વરનો એક ચોથો પ્રકાર પણ છે. ગાતાં-ગાતાં, રડતાં, અપ્રસન્નતા વ્યક્ત કરતાં કે પોકાર પાડતાં જો કોઈ મૂળ સ્વરને બે માત્રા કરતાં પણ લંબાવીને ઉચ્ચારવામાં આવે તો તે સ્વર પ્લુત સ્વર કહેવાય છે. પ્લુત સ્વર ગાયન-વાદનમાં ઉપયોગી છે પણ વ્યાકરણમાં તેનો ખાસ ઉલ્લેખ થતો નથી. પ્લુત સ્વરને તેની લંબાઈ અનુસાર ત્રણ કે તેથી વધુ માત્રા આપવામાં આવે છે.

માત્ર સ્વરના આ રીતે હ્રસ્વ, દીર્ઘ વગેરે પ્રકાર હોય છે. વ્યંજનને હ્રસ્વ, દીર્ઘ જેવી ઓળખ અપાતી નથી.

## અક્ષરોના ઉચ્ચાર કેવી રીતે કરવા ?

મૂળાક્ષરોનું તેના ઉચ્ચારના આધારે વર્ગીકરણ કરવામાં આવે છે. આ વર્ગીકરણ સમજીએ તો દરેક અક્ષરનો સ્પષ્ટ અને સાચો ઉચ્ચાર કઈ રીતે કરવો તેનો આપણને ખ્યાલ આવશે. આ વર્ગીકરણની વિગત આ પ્રમાણે છેઃ

(૧) કંઠસ્થાની અથવા કંઠ્ય અક્ષરોઃ આમાં ક વર્ગના પાંચ અક્ષરો ક, ખ, ગ, ઘ અને ઙનો સમાવેશ થાય છે. આ પાંચ અક્ષરોનો ઉચ્ચાર ગળા અથવા તો કંઠમાંથી થાય છે. આ ઉપરાંત હ, અ અને આ પણ કંઠસ્થાની છે.

(૨) તાલુસ્થાની અથવા તાલવ્ય અક્ષરોઃ આમાં ચ વર્ગના અક્ષરો પાંચ અક્ષરો ચ, છ, જ, ઝ, ઞનો સમાવેશ થાય છે. આ પાંચ અક્ષરોનો ઉચ્ચાર જીભને તાળવા સાથે અડાડીને કરવો રહે છે એથી તેમને તાલવ્ય તરીકે ઓળખવામાં આવે છે. આ ઉપરાંત ય, શ, ઇ અને ઈ પણ તાલવ્ય ગણાય છે.

(૩) મૂર્ધસ્થાની અથવા મૂર્ધન્ય અક્ષરો: આમાં ટ વર્ગના પાંચ અક્ષરો ટ, ઠ, ડ, ઢ, ણનો સમાવેશ થાય છે. ઉપલા દાંત અને તાળવાના ભાગ વચ્ચે જીભ અડાડીને તેનો ઉચ્ચાર કરવો પડતો હોવાથી તેને મૂર્ધન્ય તરીકે ઓળખવામાં આવે છે. આ ઉપરાંત ર, ષ, ળ અને સ્વર ઋ પણ મૂર્ધન્ય છે. જાણકારોના કહેવા પ્રમાણે ણનો ઉચ્ચાર વિશિષ્ટ રીતે થતો હોવાથી તેને મૂર્ધન્ય નહિ પણ મૂર્ધન્યતર ગણવો જોઈએ.

(૪) દંતસ્થાની અથવા દંતવ્ય અક્ષરો: આમાં ત વર્ગના પાંચ અક્ષરો ત, થ, દ, ધ, નનો સમાવેશ થાય છે. જીભને દાંત સાથે અડાડી તેનો ઉચ્ચાર કરાતો હોવાથી તેને દંતવ્ય તરીકે ઓળખવામાં આવે છે. આ ઉપરાંત લ અને સ પણ દંતવ્ય ગણાય છે.

(૫) ઓષ્ઠસ્થાની અક્ષરો: આમાં પ વર્ગના પાંચ અક્ષરો પ, ફ, બ, ભ અને મનો સમાવેશ થાય છે. બન્ને હોઠ બીડીને જ તેનો ઉચ્ચાર શક્ય હોવાથી તેને ઓષ્ઠસ્થાનીની ઓળખ અપાઈ છે. આ ઉપરાંત ઉ અને ઊ સ્વર પણ ઓષ્ઠસ્થાની લેખાય છે.

(૬) બાકીના ત્રણ સ્થાન મિશ્ર સ્થાન છે. એ અને ઐ કંઠતાલવ્યસ્થાની, ઓ અને ઔ કંઠોષ્ઠસ્થાની અને વ દંતોષ્ઠસ્થાની ઉચ્ચાર ધરાવે છે.

આ અક્ષરજ્ઞાન અઘરું લાગ્યું? ના, ભારેખમ સંસ્કૃત શબ્દોના ઉપયોગના કારણે એવું લાગે છે. બાકી આપણે આ બધાં અક્ષરો રોજેરોજ હાલતા ચાલતા બોલીએ જ છીએ. માત્ર થોડું વધુ ચોક્કસાઈથી વધુ ચોખ્ખું બોલવાની જરૂર છે. ચોખ્ખું ને સાચું ગુજરાતી બોલવા માટે આપણે થોડી વધુ બાબત જાણવી જરૂરી છે. તે છે ઘોષ-અઘોષ અને અલ્પપ્રાણ-મહાપ્રાણ તથા અનુનાસિક ઉચ્ચારો.

(૧) અઘોષ ઉચ્ચાર એટલે જેને બોલવામાં રણકા જેવો ધ્વનિ ન ઊઠે પણ સાંભળવામાં સહેજ કઠોર લાગે તેવા ઉચ્ચાર. ક, ચ, ટ, ત, પ, ખ, છ, ઠ, થ, ફ અને શ, ષ, સ એ ૧૩ અક્ષરનો અઘોષ ઉચ્ચાર થાય છે.

(૨) ઘોષ ઉચ્ચાર એટલે જેને બોલવા જતાં રણકા જેવો ધ્વનિ નીકળે તેવા મૃદુ કે કોમળ ઉચ્ચાર. ગ, જ, ડ, દ, બ, ઘ, ઝ, ઢ, ધ, ભ, ઙ, ઞ, ણ, ન, મ, ય, ર, લ, વ, હ અને ળ એ ૨૧ અક્ષરોનો ઘોષ ઉચ્ચાર થાય છે.

(૩) આવું જ એક વર્ગીકરણ અલ્પપ્રાણ-મહાપ્રાણ અને અનુનાસિકનું છે. જેનો ઉચ્ચાર કરતાં ઓછો શ્વાસ જોઈએ તે અલ્પપ્રાણ ઉચ્ચાર અને વધુ શ્વાસ જોઈએ તે મહાપ્રાણ ઉચ્ચાર કહેવાય. જેનો ઉચ્ચાર નાકની મદદથી કરવામાં આવે તેને અનુનાસિક ઉચ્ચાર કહેવાય. આ ત્રણે પ્રકારના અક્ષર આ પ્રમાણે છેઃ

અલ્પપ્રાણઃ– ક, ચ, ટ, ત, પ, ગ, જ, ડ, દ, બ, ય, ર, લ, વ અને ળ

મહાપ્રાણઃ– ખ, છ, ઠ, થ, ફ, ઘ, ઝ, ઢ, ધ, ભ, સ, ષ, સ અને હ

અનુનાસિકઃ– ઙ, ઞ, ણ, ન, મ

ઉચ્ચારની દષ્ટિએ વ્યંજનનું વધુ એક બૃહદ વર્ગીકરણ પણ કરવામાં આવે છે. આ બે બૃહદ વર્ગ છે– (૧) સ્પર્શવ્યંજન અને (૨) અસ્પર્શવ્યંજન.

સ્પર્શવ્યંજનમાં ક્ થી મ્ સુધીના પ્રથમ ૨૫ વ્યંજન આવે છે. આ વ્યંજનના ઉચ્ચાર કંઠની સ્વરપેટી, તાળવું, મૂર્ધા (ઉપલા દાંત અને તાળવા વચ્ચેનો ભાગ), દાંત અને હોઠ એ પાંચ વાણિસ્થાનને બરાબર સ્પર્શે છે એટલે તે સ્પર્શવ્યંજન કહેવાય છે.

અસ્પર્શવ્યંજનમાં બાકીના ૯ એટલે કે ય્, ર્, લ્, વ્, શ્, ષ્, સ્, હ્ અને ળ્ નો સમાવેશ થાય છે કેમકે તેના ઉચ્ચારમાં વાણિસ્થાનનો બરાબર સ્પર્શ થતો નથી. આમાંના ય્, ર્, લ્, વ્ અને ળ્ ને અંતસ્થ કહેવાય છે કેમકે તે કોઈ પણ વાણિસ્થાનના સ્પર્શ વિના વચ્ચેથી તે બોલાય છે અને વ્યંજન હોવા છતાં અમુક અંશે સ્વરને મળતા આવે છે. જ્યારે બાકીના ચાર શ્, ષ્, સ્ અને હ્ બોલતી વખતે સૂસવાટા જેવો ધ્વનિ આવતો હોવાથી તે ઉષ્મા તરીકે ઓળખાય છે. ઉષ્મા એટલે ઊકળવું. ઊકળતી વખતે સૂસવાટા જેવો અવાજ આવતો હોય છે.

# ગુજરાતી લિપિ

ઉચ્ચારોની દષ્ટિએ મૂળાક્ષરોનો આપણે વિચાર કર્યો. હવે લખવાની લિપિની દષ્ટિએ થોડું વિચારીએ.

(૧) બધાં સ્વર જેમકે અ, આ, ઇ સ્વતંત્રપણે લખી શકાય છે. પણ વ્યંજન લખવા હોય તો તે ખોડા લખવા પડે એટલે કે તેની નીચે હલન્તચિહ્ન લખવું પડે છે. જેમકે ક્, ખ્, ગ્, ઘ્ વગેરે.

(૨) વ્યંજનમાં સ્વરનો ઉમેરો થવાથી કક્કો અને બારાખડી થાય છે. કક્કો એ તમામ ૩૨, ૩૪ કે ૩૬ (જેની જેવી શ્રદ્ધા!) વ્યંજનમાં અ સ્વર ઉમેરવાથી સર્જાય છે. કક્કાના ક થી જ્ઞ સુધીના અક્ષર આખા લખાય છે અને નીચે ખોડાપણાંની એટલે કે હલંતની નિશાની આવતી નથી.

(૩) બારાખડી એટલે વ્યંજનમાં ૧૨ સ્વર ઉમેરવાથી સર્જાતા સંકુલ અક્ષરો. ક્ વ્યંજનમાં ૧૨ સ્વર ઉમેરવાથી કની જે બારાખડી થાય છે તે કની આસપાસ સ્વરસૂચક ચિહ્નો મૂકી લખવામાં આવે છે. તે આ રીતે લખાય છે.

ક, કા, કિ, કી, કુ, કૂ, કે, કૈ, કો, કૌ, કં અને કઃ

એ જ પ્રકારે ખ, ગ, ઘ એમ તમામ મૂળાક્ષરોની બારાખડી લખાય છે. જોડાક્ષરોની બારાખડી લખવામાં  પણ આ જ રીત અપનાવાય છે. જૂઓ નીચે અપાયેલી જોડાક્ષર પ્ર અને ક્ષની બારાખડીઃ

પ્ર, પ્રા, પ્રિ, પ્રી, પ્રુ, પ્રૂ, પ્રે, પ્રૈ, પ્રો, પ્રૌ, પ્રં, પ્રઃ ક્ષ, ક્ષા, ક્ષિ, ક્ષી, ક્ષુ, ક્ષૂ, ક્ષે, ક્ષૈ, ક્ષો, ક્ષૌ, ક્ષં, ક્ષઃ

લિપિમાં જે સ્વરસૂચક નિશાનીઓ છે તેના પણ ખાસ નામ છે.

અકારાંતઃ– કોઈ નિશાની નહિ

આકારાન્તઃ– કાનો

ઇકારાંતઃ– રસ્વઇ અથવા તો હ્રસ્વ અઙ્કુ

ઈકારાંતઃ– દીર્ઘઈ અથવા તો દીર્ઘ અઙ્કુ

ઉકારાંતઃ– રસ્વાઉ અથવા તો હ્રસ્વ વરડું

ઊકારાંતઃ– દીર્ઘાઉ અથવા તો દીર્ઘ વરડું

એકારાંતઃ– એક માત્રા

ઐકારાંતઃ– બે માત્રા

ઓકારાંતઃ– કાનો, માતર

ઔકારાંતઃ– કાનો અને બે માત્રા

અંકારાંતઃ– અનુસ્વાર

અઃકારાંતઃ– વિસર્ગ

કની આખી બારાખડી બોલવી હોય તો તે આ પ્રમાણે બોલાય–

કને કાંઈ નહિ ક,

કને એક કાનો કા,

કને રસ્વઇ કિ,

કને દીર્ઘઈ કી,

કને રસ્વાઉ કુ,

કને દીર્ઘાઊ કૂ,

કને એક માત્રા કે,

કને બે માત્રા કૈ,

કને કાનોમાતર કો,

કને કાનોને બે માત્રા કૌ,

કને માથે મીંડું કં,

કની પાછળ બે મીંડા કઃ

# જોડાક્ષરની સમજૂતી

જેમ એક વ્યંજન સાથે એક સ્વર ઉમેરાય ત્યારે મૂળાક્ષર સર્જાય છે તેમ એક વ્યંજન સાથે બીજું સ્વરસહિત વ્યંજન ભેગું થાય ત્યારે જોડાક્ષર સર્જાય છે. જોડાક્ષર એટલે એક કે એકથી વધુ વ્યંજનમાં એક સ્વરસહિતના વ્યંજનનો ઉમેરો. જોડાક્ષરમાં બે કે તેથી વધુ વ્યંજન હોઈ શકે છે. જેમાં બેથી ઓછા વ્યંજન હોય તેવો અક્ષર જોડાક્ષર ન કહેવાય. ગુજરાતી બોલી અને લિપિમાં કેટલાંક અવારનવાર વપરાતાં જોડાક્ષરો આ પ્રમાણે છેઃ

ક્ષ, જ્ઞ, શ્ર, પ્ર, ક્ય, ર્મ, મ્ર, કૃ, ડ્ર, હ્મ, સૃ દ્ધ, વ્ર, ધ્ય વગેરે વગેરે. ગુજરાતી લિપિમાં આવા જોડાક્ષરોની સંખ્યા અંદાજે ૧૫૦થી વધારે છે.

બેથી વધુ વ્યંજન ધરાવતા જોડાક્ષર જેમાં છે તેવા શબ્દના નમુના આ પ્રમાણે છેઃ
અર્ધ્ય, સ્વાસ્થ્ય, ઈર્ષ્યા, તત્ત્વ, મહાત્મ્ય વગેરે.

## અક્ષરને ઓળખો પ્રકરણ સમાપ્ત

# પ્રકરણ - ૨

# શબ્દને સમજો

## શબ્દ કોને કહેવાય ?

ભાષાનું નાનામાં નાનું એકમ એટલે અક્ષર. શબ્દ તેના પછીનું એકમ છે. શબ્દ એક અથવા વધુ અક્ષરોમાંથી બને છે. શબ્દ એક અક્ષરનો હોઈ શકે અને એકથી વધુ અક્ષરનો પણ હોઈ શકે. જી, હા, ના, બે, જા, શું, તું, હું, લો, લે, દો, દે, છી, છૂ, ખા, પી, ઘી, ચા જેવા અનેક એકાક્ષરી શબ્દ ગુજરાતી ભાષામાં છે.  એક શબ્દમાં વધુમાં વધુ કેટલા અક્ષર હોઈ શકે તેની મર્યાદા નથી પરંતુ ગુજરાતી ભાષામાં લાંબા શબ્દો પ્રમાણમાં ઓછા છે. આપણે ત્યાં ૬-૭ અક્ષરથી મોટા જેટલા શબ્દ છે તેમાંના મોટા ભાગના શબ્દ સંસ્કૃત અને અન્ય ભાષામાંથી અપનાવાયેલા તત્સમ શબ્દ છે. સામાન્ય બોલચાલ કે રોજિંદા વપરાશમાં આવા લાંબા લાંબા ભારેખમ શબ્દ ભાગ્યે જ વપરાતા હોય છે. ગુજરાતી ભાષા મુખ્યત્વે નાના નાના શબ્દોની બનેલી છે. ભગવત ગોમંડળ કોષ સહિત કોઈ પણ ગુજરાતી શબ્દકોષને ધ્યાનથી જોજો. તેમાં ૬-૭ કે વધુ અક્ષર ધરાવતા શબ્દ શોધવા પડશે જ્યારે તેનાથી ઓછા અક્ષર ધરાવતા શબ્દ હારબંધ દેખાયા કરશે.

જેમ ગમે તે અર્થહીન ઉચ્ચાર કે અવાજ અક્ષર નથી તેમ ગમે તે અક્ષરનો સમુહ શબ્દ બની જતો નથી. એક અક્ષર કે અક્ષરોનો સમુહ જો ચોક્કસ અર્થ ધરાવતો હોય તો જ તે શબ્દ ગણાય. જેમકે ભગવાન અને નગવાભ એ બન્નેમાં આમ તો સરખા ચાર અક્ષર છે પણ ભગવાન એક શબ્દ છે જ્યારે નગવાભ શબ્દ નથી. શબ્દો અર્થ વિનાના ન હોઈ શકે.

## શબ્દોનું વર્ગીકરણ

શબ્દના બે વિભાગ છે. (૧) આખ્યેય અથવા વિકારી શબ્દ અને (૨) અવ્યય / નિપાત અથવા અવિકારી શબ્દ. આખ્યેય શબ્દનો અર્થ સમજવા માટે આપણે રૂપાખ્યાન એટલે શું તે સમજવું પડશે. રૂપાખ્યાન  એટલે રૂપમાં ફેરફાર થવો. જેમ સંસારમાં રહેતી વ્યક્તિએ

સંજોગો અનુસાર બદલાતા રહેવું પડે છે તેમ ઘણા શબ્દ એવા છે કે જેના રૂપમાં સંયોગો પ્રમાણે ફેરફાર થતો રહે  છે. આમ શબ્દ એક પણ તેના રૂપ અનેક એવો ઘાટ ઘડાય છે. આવા લવચિક, સ્થિતિસ્થાપક, પરિવર્તનશીલ, ઘાટ-ઘડતરને આધિન રહેતા શબ્દ આખ્યેય કહેવાય છે. એનાથી ઊલટું અવ્યય / નિપાત એવા શબ્દ છે કે જે સ્થિતપ્રજ્ઞ યોગીની માફક દરેક પરિસ્થિતિમાં એક સરખા અને દરેક સંયોગોમાં ફેરફાર વિનાના રહે છે.

## આખ્યેય શબ્દના વિભાગ

આખ્યેય શબ્દોને ચાર વર્ગમાં વહેંચવામાં આવેછે. (૧) નામ (૨) સર્વનામ (૩) ક્રિયાપદ અને (૪) વિશેષણ. એ જ રીતે અવ્યયના પણ ચાર વિભાગ છે. (૧) ક્રિયાવિશેષણ અવ્યય (૨) શબ્દયોગી અથવા નામયોગી અવ્યય (૩) ઊભયાન્વયી અથવા વાક્યપ્રયોગી અવ્યય અને (૪) કેવળ પ્રયોગી અવ્યય અથવા ઉદ્ગાર. નિપાત એ અવ્યય પ્રકારનાં જ અવિકારી શબ્દ છે પરંતુ તેમની અલગ ચર્ચા કરવામાં આવે છે.

આખ્યેય શબ્દો નામ, સર્વનામ, ક્રિયાપદ અને વિશેષણ એ કોઈ પણ વાક્યની સંરચનામાં મુખ્ય ભાગ ભજવતા હોવાથી તેમને પ્રધાનશબ્દની સંજ્ઞા અપાય છે. જ્યારે અવ્યયનું મહત્વ ઓછું હોવાનું ગણી તેને મધ્યમશબ્દની સંજ્ઞા અપાઈ છે.  ચાલો આપણે આ ચારે પ્રધાનશબ્દ એટલે કે નામ, સર્વનામ, ક્રિયાપદ અને વિશેષણનો વધુ પરિચય મેળવીએ.

## નામ કોને કહેવાય ?

નામ એટલે આપણી કોઈ પણ ઈન્દ્રીય જેમકે આંખ, કાન, નાક વગેરે વડે જે કોઈ ભૌતિક ચીજ આપણા જાણવામાં આવે અથવા તો મનમાં વિચાર કરતાં કરતાં જે અભૌતિક બાબત આપણા ખ્યાલમાં આવે તેની મજબૂત ઓળખ આપતો શબ્દ. આ વાત અંગ્રેજીમાં સમજવી છે? Noun is the word by which we can identify something which we can perceive by means of senses or understanding. જેમકે મગનલાલ, બકરી, કબૂતર, વડોદરા, ફાગણ, ઘર, ટોળું, ઈદ, ઝાડ, દૂધ, ઘઉં, બપોર, અજવાળું, મીઠાશ, સુગંધ, ગુસ્સો,

શ્રદ્ધા, શોખ, દેશભક્તિ, આકાંક્ષા વગેરે શબ્દ નામ છે કેમકે તેના વડે ચોક્કસ ભૌતિક ચીજ કે અભૌતિક બાબતની ઓળખ મળે છે.

નામ એવો શબ્દ છે કે જે નાનું બાળક સૌથી પહેલા શીખે છે. આ વિશ્વની દરેક વસ્તુનો પરિચય બાળક તેનું નામ શીખીને મેળવે છે. નામ એ આપણી વિચાર પ્રક્રિયાનો પાયો છે. વિચારી જૂઓ કે કોઈ પણ ભૌતિક પદાર્થ કે અભૌતિક બાબતનું નામ જ ન હોય તો આપણે વિચાર સુદ્ધાં કઈ બાબતનો કરીશું? આ જગતમાં જે કોઈ ચીજ અસ્તિત્વ ધરાવે છે તેને નામ આપી શકાય. જેનું હોવાપણું કે ન હોવાપણું માત્ર ચિંતન-મનન કે કલ્પના વડે સમજી શકાય તેને પણ નામ હોય. જે બાબતને નામ ન હોય તેને કદાચ અનુભવી શકાય પણ તેના વિશે વિચારી ન શકાય.

નામના ત્રણ મુખ્ય પ્રકાર પાડવામાં આવ્યા છે. (૧) વિશેષનામ (૨) સામાન્ય નામ અને ભાવવાચક નામ. એક જ પ્રાણી, સ્થળ કે પદાર્થનો ઓળખવા માટે તેનું ખાસ નામ પાડવામાં આવ્યું હોય તેને વિશેષ નામ કહેવાય. દાખલા તરીકે મગનલાલ, ફાધર વૉલેસ, વડોદરા, ગંગા નદી, જાપાન, હિમાલય, મૌલાના આઝાદ માર્ગ વગેરે વિશેષનામ છે. જે વિશેષનામ ન હોય તેવા બધાં નામ જો તે ભૌતિક પદાર્થની ઓળખ માટેના હોય તો તે સામાન્ય નામ કહેવાય છે. જેમકે ઘર, દૂધ, ઘઉં, રસ્તો, બપોર, અજવાળું, તાજગી, મીઠાશ, સુગંધ, ઠંડક વગેરે સામાન્ય નામ છે. જે બાબત માત્ર મનની કલ્પના અને વિચારો વડે જ સમજી શકાય તે બાબતની ઓળખ આપતા સામાન્ય નામ ભાવવાચક નામ કહેવાય. જેમકે લાગણી, આવેશ, આનંદ, શ્રદ્ધા, રુચિ, ગુસ્સો, દેશભક્તિ વગેરે ભાવવાચક નામ છે. મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મની બાબતોની ચર્ચા કરવામાં વપરાતા ઘણાખરા નામ ભાવવાચક નામ ગણાય.

સામાન્ય નામને અન્ય વિવિધ વર્ગમાં પણ વહેંચવામાં આવે છે. દાખલા તરીકે સંખ્યાવાચક નામ, સમુદાયવાચક નામ, વર્ગસૂચક અથવા જાતિવાચક નામ, સમૂહવાચક નામ, ક્રિયાનામ વગેરે. સંખ્યાવાચક નામ એટલે જેની એક, બે, ત્રણ, ચાર એમ ગણતરી શક્ય હોય તેવા

નામ. જેમકે બકરી, બતક, પ્રસંગ, દિવસ, ઝાડ, નદી, ગામ વગેરે. સમુદાયવાચક એટલે જેની એક, બે, ત્રણ એવી ગણતરી કરવી શક્ય ન હોય તેવા નામ. જેમકે સંગીત, ખોરાક, સોનું, પાણી, હવા વગેરે. વર્ગસૂચક નામ એટલે વ્યક્તિ, પદાર્થ, સ્થળ વગેરેના આખા વર્ગને ઓળખવતા નામ. જેમકે બાળક, અનાજ, ગાડું, શહેર વગેરે.

સમૂહવાચક નામ એટલે જેમાં એકથી વધુ ઘટકની હાજરી હોય છતાં જેને એકવચન જ લાગુ પડતું હોય તેવા નામ. જેમકે કુટુંબ, ટોળું, કાફલો, મોરચો, સરઘસ, ધણ, સૈન્ય, સભા, પ્રજા, ભારો વગેરે. ક્રિયાનામ એટલે કે જેમાં ક્રિયા નિહિત હોય તેવા નામ. જેમકે જાપ, ભજન, રમત, વાચન, તરણ, ચર્ચા, છણાવટ, દોડધામ, પ્રવાસ વગેરે. આ રીતે સામાન્ય નામના અનેક રીતે વર્ગીકરણ કરવા શક્ય છે. પણ આ બધી કસરત કરવા જેવી નથી કેમકે આ રીતના વર્ગીકરણોમાં અનેક નામ એકથી વધુ વર્ગમાં આવતા હોવાથી તેનાથી કોઈ અર્થ સરતો નથી.

નામ ફક્ત એક જ શબ્દનું હોય તે જરૂરી નથી. નામ એકથી વધુ શબ્દના સમુહનું પણ બનેલું હોઈ શકે. જેમકે ઢોર-ઢાંખર, બાલગોપાલ, વાદવિવાદ, ખિસ્સાકાતરુ, ચૂડી ચાગલી, મા બાપ, અન્ન જળ વગેરે. ઘણી વખત એકલાં સર્વનામ કે વિશેષણ પણ નામ બની તેની ભૂમિકા ભજવે છે.

## સર્વનામ

સર્વનામ એટલે નામને સ્થાને, નામની અવેજીમાં, નામને બદલે વપરાતો શબ્દ. સર્વનામ એટલે નામનો આડકતરો ઉલ્લેખ. દાખલા તરીકે હું, તું, પોતે, તમે, આપ, તે, અમે, આપણે, કોઈ, એ, આ, પેલું, જે, બીજા, શું, કેટલાં, ફલાણું, ક્યો વગેરે. આ બધાં સર્વનામ નામની અવેજીમાં વપરાય છે.

એકનું એક નામ ફરી ફરી બોલવા કે લખવાને બદલે તે નામને જે ટૂંકી સૂચકસંજ્ઞા વડે દર્શાવવામાં આવે છે તેને સર્વનામ કહેવાય.

આ લખાણ વાંચો–

*રમેશે કહ્યું કે મહેશ વડોદરા જઈ આવ્યો છે પણ તે ત્યાં ક્યારે ગયો હતો તેની મને ખબર નથી.*

આ વાક્યમાં 'તે' એટલે મહેશ, 'ત્યાં' એટલે વડોદરા અને 'ક્યારે' એટલે તે જે દિવસે ગયો હતો તે દિવસ, 'તેની' એટલે કે તે તા. ૧૦મી નવેમ્બર, ૨૦૧૨ના રોજ જઈ આવ્યો તે બાબત અને 'મને' એટલે રમેશને. આ 'તે', 'ત્યાં', 'ક્યારે', 'તેની' અને 'મને' એ પાંચ શબ્દ સર્વનામ છે જે નામની અવેજીમાં ઉપયોગમાં લેવામાં આવ્યા છે.

સર્વનામ ન વાપરીએ તો આપણી ભાષા કેવી લાગે તે જોવું છે? નીચે અપાયેલા પહેલા વાક્યમાં એક પણ સર્વનામ નથી જ્યારે બીજા વાક્યમાં એ જ વાત સર્વનામનો ઉપયોગ કરી કહેવામાં આવી છે.

(૧) *આજે રમેશ રમેશના ઘરની બહાર નીકળ્યો ત્યારે રમેશના ઘર પાસે આવેલા એક ખાડામાં પડી ગયો.*

(૨) *આજે રમેશ તેના ઘરની બહાર નીકળ્યો ત્યારે પોતાના ઘર પાસે આવેલા એક ખાડામાં પડી ગયો.*

આ દાખલા પરથી નીચેની બાબતો સ્પષ્ટ થાય છેઃ

(૧) સર્વનામ એ નામની અવેજીમાં વપરાતો ટૂંકો અને સૂચક શબ્દ છે.
(૨) તે આપણી વાતચીત કે લખાણને ટૂંકાવવામાં મદદરૂપ થાય છે.
(૩) તે આપણી ભાષાને સમજવામાં વધુ સહેલી પડે તેવી બનાવે છે.

નામના સંદર્ભ વિનાનું સર્વનામ નકામું છે. ક્યું સર્વનામ ક્યા નામની અવેજીમાં વપરાયું છે તેની જેને ખબર ન હોય તેને સર્વનામવાળું વાક્ય સાંભળી કે વાંચીને કંઈ સમજ ન પડે. દાખલા તરીકે 'તે મૂરખ તે દિવસે ત્યાં ગયો હતો' એવા વાક્યમાં તે મૂરખ એટલે કોણ, ત્યાં એટલે ક્યાં અને તે દિવસે એટલે ક્યા દિવસે એ વાતની ખબર ન હોય તેને માટે આ વાક્ય અર્થહીન છે.

સર્વનામની વાત કરીએ ત્યારે આપણે પહેલો પુરુષ. બીજો પુરુષ અને ત્રીજો પુરુષ એટલે શું તે જાણી લેવું જોઈએ.

વાતચીત કરતી વખતે દરેક પોતાના માટે 'હું ' શબ્દ વાપરે છે. જેની સાથે વાતચીત થતી હોય તે સામી વ્યક્તિ માટે 'તું' શબ્દ વપરાય છે અને સામી વ્યક્તિ સિવાયના દરેક માટે 'તે' શબ્દ વાપરવામાં આવે છે. આ 'હું', 'તું' ને 'તે' સર્વનામ છે અને તે અનુક્રમે પહેલો પુરુષ સર્વનામ, બીજો પુરુષ સર્વનામ અને ત્રીજો પુરુષ સર્વનામ તરીકે ઓળખાય છે. આ ત્રણે સર્વનામ એકવચનના એટલે એક વ્યક્તિનો ઉલ્લેખ કરનારા છે.

જ્યારે પહેલા, બીજા અને ત્રીજા પુરુષ તરીકે એકથી વધુ વ્યક્તિ હોય ત્યારે બહુવચન દર્શાવતા સર્વનામ 'અમે', 'તમે' અને 'તેઓ' છે. ગુજરાતીમાં બીજા પુરુષના 'તું' અને 'તમે' બન્ને સર્વનામના બદલે માનાર્થે 'આપ' સર્વનામનો ઉપયોગ પણ થાય છે. એક અનોખું સર્વનામ ગુજરાતીમાં છે. આ સર્વનામ છે 'આપણે'. આ 'આપણે' સર્વનામમાં પહેલા પુરુષ, બીજા પુરુષ અને ત્રીજા પુરુષ એકવચન અને બહુવચનના બધાં રૂપ આવી જાય છે. જેમકે કોઈ કહે કે 'ચાલો આપણે જમવા જઈએ' તો એનો અર્થ એ થાય છે કે 'ચાલો, હું-અમે-તું-તમે-આપ-તે-તેઓ બધાં જમવા જઈએ.' અંગ્રેજીમાં જેમ માસી, કાકી, મામી, ફોઈ, ભાભુ બધાં aunty બની જાય છે તેમ 'અમે' અને 'આપણે' બન્ને we બની જાય છે. અંગ્રેજીના aunty કે we કરતાં આપણાં ગુજરાતી સમાનાર્થી શબ્દો વધુ સ્પષ્ટ અને ચડીયાતા છે. અંગ્રેજી કરતાં ગુજરાતી ભાષામાં ચોક્કસાઈ માટે વધુ કાળજી રખાઈ હોવાનું અનેક સ્થળે જોવા મળે છે.

સર્વનામને વિશેષ્ય સર્વનામ અને વિશેષણ સર્વનામ એમ બે પ્રકારમાં વહેંચી શકાય. વિશેષ્ય સર્વનામ એટલે પહેલો પુરુષ, બીજો પુરુષ અને ત્રીજો પુરુષ એકવચન અને બહુવચનના બધાં શબ્દ અને તેના રૂપાખ્યાન. જ્યારે વિશેષણ સર્વનામ એટલે કે જે વિશેષણ અને સર્વનામ બન્નેના લક્ષણ ધરાવતા હોય તેવા શબ્દ. વિશેષણ સર્વનામમાં 'કોણ', 'આ', 'એ', 'જે', 'તે', 'પેલો', 'અમુક', 'સઘળા', 'બધાં', 'શું', 'ક્યારે', 'ત્યારે', 'આવું', 'કેવું' 'જેવું', 'તેવું', વગેરેનો સમાવેશ થાય છે.

## ક્રિયાપદ

શબ્દનો ત્રીજો પ્રકાર ક્રિયાપદનો છે. ક્રિયાપદ એવા શબ્દો છે કે જે કંઈ હોવું, ન હોવું, થવું, ન થવું, બનવું, ન બનવું એ પ્રક્રિયાનું નિરૂપણ કરે છે, વર્ણન કરે છે, સ્પષ્ટપણે સમજાવે છે. દાખલા તરીકે–

(૧) પંખીઓને પાંખ <u>હોય છે</u>. પ્રાણીઓને પાંખ <u>ન હોય</u>.

(૨) સૂરજ <u>ઊગશે</u> એટલે <u>સવાર થશે</u>. અત્યારે અંધારામાં કંઈ <u>નહિ દેખાય</u>.

(૩) ગયા મહિને ઘણો વરસાદ <u>આવ્યો</u> પણ આ મહિનો કોરો <u>ગયો</u>.

બીજી એક મહત્વની વાત એ છે કે માત્ર ક્રિયાનો ઉલ્લેખ કે નિર્દેશ કરતા શબ્દ વડે ક્રિયાપદ ન બને. કોઈ શબ્દ કે શબ્દસમૂહ જો ક્રિયાનું નિરૂપણ કરતા હોય અને તેનાથી વાક્યનો અર્થ પૂરો થતો હોય તો જ તેમને ક્રિયાપદ કહેવાય. જેમકે–

(૧) આજે સવારે હું ઊઠીને

(૨) તે છોકરો દોડતો દોડતો

(૩) ત્યાં લોકોનું મોટું ટોળું એકઠું થવાની

આ લખાણના શબ્દો ઊઠીને, દોડતો દોડતો, એકઠું થવાની વગેરે ક્રિયા દર્શાવે છે પણ એ ક્રિયા પૂરેપૂરી સમજાવતા નથી, તે અર્થને પૂરો કરતા નથી માટે તેઓ ક્રિયાપદ નથી. કોઈ

પણ વાક્યમાં ક્રિયાપદ હોવું અનિવાર્ય છે. ઉપરના ત્રણે લખાણમાં ક્રિયાપદ નથી એટલે તે વાક્ય નથી.

હવે નીચેના લખાણ જૂઓ. તેમાં અધોરેખા ધરાવતા શબ્દ ક્રિયાપદ છે અને તે લખાણ ક્રિયાપદ ધરાવતા હોવાથી તેને વાક્ય કહેવાય.

(૧) આજે સવારે હું ઊઠીને નાહ્યો.
(૨) તે છોકરો દોડતો દોડતો આવે છે.
(૩) ત્યાં લોકોનું મોટું ટોળું એકઠું થવાની શરૂઆત થઈ.

ક્રિયાપદ સાથે બીજી બે વિભાવના સંકળાયેલી છે. તે છે કર્તા અને કર્મ.

વાક્યમાં ક્રિયાપદ અનિવાર્ય છે અને ક્રિયાપદમાં ઉલ્લેખ થયેલી ક્રિયા કરનાર શબ્દ કર્તા કહેવાય. ક્રિયા આપમેળે થાય નહિ. એનો કર્તા હોવો જ જોઈએ. ક્રિયા વિશે ‘કોણ’ એવો સવાલ પૂછવાથી કર્તા મળી આવે છે. આ શબ્દની વાક્યમાં હાજરી હોય પણ ખરી ને તે વાક્યમાં અધ્યાહાર પણ હોઈ શકે છે. અધ્યાહાર એટલે એવો શબ્દ કે જે વાક્યમાં નથી છતાં તે છે એવું માનવામાં આવે છે. જેમકે ‘જા’, ‘બેસ’, ‘ઊઠ’ વગેરે માત્ર એક આજ્ઞાર્થ શબ્દનું પણ વાક્ય બની શકે. આ એક શબ્દના વાક્યમાં કર્તા કોને ગણવો? આ વાક્યમાં ‘તું’ કર્તા છે કેમકે આ ક્રિયા કરવાનો તેને હુકમ થયો છે. વાક્યમાં ભલે ‘તું’ શબ્દ નથી પણ તેની હાજરી માની લેવામાં આવે છે.

કર્મની વિભાવના સહેજ અલગ છે. નીચેના વાક્ય જૂઓ:

(૧) રમેશ વાંચે છે. (૨) રમેશ છાપું વાંચે છે.

આ બન્ને વાક્ય સાચા છે પણ પહેલા કરતાં બીજું વાક્ય વધુ ચોખવટ કરે છે, ક્રિયાને વધુ

સારી રીતે સમજાવે છે. પહેલું વાક્ય એટલું જ કહે છે કે રમેશ વાંચે છે જ્યારે બીજું વાક્ય રમેશ શું વાંચે છે તે પણ કહે છે. ક્રિયા વિષે 'શું' અથવા 'કોને' પૂછતાં જે શબ્દ મળે તે કર્મ કહેવાય. જેમ 'કોણ' એટલે કર્તા તેમ 'શું' અને 'કોને' એટલે કર્મ. કર્મ એટલે ક્રિયા જેને લાગુ પડતી હોય તે શબ્દ. એમ પણ કહી શકાય કે ક્રિયાનું ફળ કર્મને મળે છે.

## સકર્મક-અકર્મક ક્રિયાપદ

કર્તા અને કર્મ વચ્ચે સરખામણી કરીએ તો વાક્યમાં કર્તાની હાજરી જરૂરી છે કેમકે કર્તા ન હોય તો ક્રિયાપદ ન બને અને ક્રિયાપદ વિના વાક્ય ન બને. એટલે વાક્યમાં કર્તા ન હોય તો પણ તે અધ્યાહાર છે એમ માનીને ચાલવું પડે છે જ્યારે કર્મની ભૂમિકા પૂરક છે. કર્મ હોય તો ક્રિયાપદ વધુ માહિતીપ્રદ બને પણ કર્મ ન હોય તો પણ વાક્ય વ્યાકરણની દૃષ્ટિએ પૂર્ણ બને પણ આવા વાક્યમાં ક્રિયાનું ફળ કર્તાને મળે છે અથવા તો કર્તા અને કર્મ બન્ને એક છે એવું ધારવામાં આવે છે. આમ ક્રિયાપદ બે પ્રકારના હોય છે. કર્મવાળા એટલે કે સકર્મક ક્રિયાપદ અને કર્મ વિનાના એટલે કે અકર્મક ક્રિયાપદ.

બન્નેના દાખલા જોઈએ. કર્મ અધોરેખા વડે દર્શાવાયું છે–

સકર્મક ક્રિયાપદઃ હું <u>ચોપડી</u> વાંચું છું. તે <u>ગીત</u> ગાય છે. વૃક્ષ <u>ફળ</u> આપે છે.
અકર્મક ક્રિયાપદઃ હું જાઉં છું. રમેશ રડે છે. મહેશ ઝપાટાભેર ભાગ્યો.

સકર્મક ક્રિયાપદને એકથી વધુ કર્મ પણ હોઈ શકે છે. દાખલા તરીકે 'તું મને પૂરી વાત કહે' એ વાક્યમાં કહેવાની ક્રિયા 'મને' અને 'વાત' બન્નેને લાગુ પડે છે એટલે એ બન્ને શબ્દ કર્મ લેખાય. 'શિક્ષક વિદ્યાર્થીને ગણિત ભણાવે છે' એ વાક્યમાં પણ 'વિદ્યાર્થી' અને 'ગણિત' એમ બે કર્મ છે.

ગુજરાતીમાં અકર્મક ક્રિયાપદ પ્રમાણમાં ઓછા છે. મુખ્યત્વે સ્થિતિ અને ગતિવાચક ક્રિયાપદ અકર્મક હોય છે.

# વિશેષણ

આખ્યેય શબ્દનો ચોથો પ્રકાર એટલે વિશેષણ. વિશેષણ હંમેશા નામ, સર્વનામ કે ક્રિયાપદની સાથે અને તેમના સંદર્ભમાં જ, તેની આગળ કે પાછળ મૂકી વપરાય છે. તે પૂરક શબ્દ છે અને વાક્યની અંદર પૂરક કામગીરી બજાવે છે. તેનું કામ નામ, સર્વનામ અને ક્રિયાપદના ગુણમાં વધારો કરવાનું છે. તે નામ, સર્વનામ અને ક્રિયાપદનું વર્ણન કરે છે, તેને વધુ વિસ્તૃત, વધુ સ્પષ્ટ કરે છે અને વધુ સારી રીતે સમજાવે છે. માત્ર નામ, સર્વનામ કે ક્રિયાપદને નહિ ખૂદ વિશેષણને પણ વિશેષણ લાગી શકે. ઘણી વખત વિશેષણ તરીકે આખું ઉપવાક્ય પણ વપરાય છે. કોઈ પણ ભાષા લો. તેમાં વિશેષણોનો ઢગલો મળશે. જેમ ભાષા વધુ વિકસે તેમ તેમાં વિશેષણો બિલાડીના ટોપની જેમ ફાટી નીકળે છે. વિશેષણો આપણી અભિવ્યક્તિને વધુ વિસ્તૃત, વધુ તીક્ષ્ણ, વધુ અસંદીગ્ધ, વધુ સચોટ, વધુ અસરકારક બનાવે છે. તો સાથે સાથે તેનો અયોગ્ય અથવા વધુ પડતો ઉપયોગ ભાષાને નબળી અને નિરર્થક પણ બનાવી શકે છે. ભક્તો અને શ્રદ્ધાળુ માણસો વિશેષણોના દુરુપયોગ વડે આપણી ભાષાના આ ભૂષણને દૂષણ બનાવે છે.

નામ-સર્વનામનું વધુ વર્ણન કરતાં વિશેષણોને બે વિભાગમાં વહેંચી શકાય. સંખ્યા કે ક્રમનો ઉલ્લેખ કરતા વિશેષણ કે સંખ્યા/ક્રમ સિવાયના ગુણધર્મનું વર્ણન કરતા વિશેષણ. વિવિધ પ્રકારના વિશેષણ કેવી રીતે વપરાય છે તેના થોડા દાખલા તપાસીએ.

*સંખ્યા કે ક્રમ*

<u>૧૦</u> માણસ, <u>સેંકડો</u> માણસનું ટોળું, <u>પહેલો</u> વિદ્યાર્થી, આજથી <u>ત્રીજો</u> દિવસ.

*સંખ્યા કે ક્રમ સિવાયના ગુણધર્મ*

<u>સફેદ</u> ઝબ્બો, <u>ગરમ</u> પાણી, <u>મુલાયમ</u> ચામડી, <u>ખાટી</u> આંબલી, <u>નક્કર</u> માહિતી.

*નામની પાછળ વિશેષણ*

તે યુવાન <u>ડરપોક</u> હતો.

*નામની આગળ-પાછળ વિશેષણ*

<u>ક્રાંતિકારી</u> ભગતસિંહની દરેક વાત <u>ક્રાંતિકારી</u> હતી.

*સર્વનામની આગળ-પાછળ વિશેષણ*

<u>હોંશિયાર</u> તે કહેવાય જે કદી ન કહે કે હું <u>હોંશિયાર</u> છું.

*વિશેષણનું વિશેષણ*

<u>વધુ પડતી</u> ગરમ ચા પીવાથી જીભ ચચરી જાય.

ઉપવાક્ય પણ વિશેષણ બની શકે

મારી બહેન <u>*મારાથી ઘણી નાની છે*</u> છતાં તેના અક્ષર મારા કરતાં સારા છે.

*વિશેષણના દુરુપયોગના દાખલા*

અતિપરમપૂજ્ય પ્રગટપરમેશ્વરસ્વરૂપ પૂજ્યપાદ ધર્મધૂરંધર મહામહિમોપાધ્યાય મુગ્ધયુવાહ્રદયસમ્રાટ ત્રિકાળજ્ઞાની યુગદીવાકર યુગપ્રવર્તક વિશ્વરત્ન જગતભૂષણ પ્રખરપ્રબુદ્ધવક્તા આચાર્યકુલશિરોમણિ પરમપાવકપ્રેરણામૂર્તિ પ્રચંડ-પ્રભાવક સર્વવિશિષ્ટસદગુણસંપન્ન વિશ્વવાત્સલ્યધારાવિક્રમવહેણસર્જકવીર વગેરે વગેરે વગેરે.

આવા વિશેષણો બિચારા મહાનુભાવોને તેમની અલ્પતાનું ભાન કરાવવામાં અને તેમને લોકોની નજરમાં દયાને પાત્ર બનાવવામાં બનતો ફાળો આપતા હોય છે.

જેમ નામ, સર્વનામ અને વિશેષણને વિશેષણ હોય તેમ ક્રિયાપદને પણ વિશેષણનો લાભ મળે છે. ક્રિયાવિશેષણો ક્રિયાપદના અર્થનો વિસ્તાર કરે છે, વધુ વર્ણન કરે છે. કોઈ પણ ક્રિયા ક્યારે, ક્યાં, કેવી રીતે થઈ તે કહેવાનું કામ ક્રિયાવિશેષણ કરે છે.

દાખલા તરીકે–

(૧) રમેશ <u>આજે સવારે</u> મુંબઈ જશે.
(૨) તે દોડતા દોડતા <u>અધવચ્ચે</u> અટકી ગયો.
(૩) તાવથી તેનું શરીર <u>થરથર</u> કાંપવા લાગ્યું.

આ ઉપરાંત ક્રિયા ચોક્કસ થઈ છે કે નથી થઈ અથવા તેના થવામાં સંશય છે કે નક્કી વાત છે એવું દર્શાવતા શબ્દ પણ ક્રિયાવિશેષણ કહેવાય.

દાખલા તરીકે–

(૧) રમેશ અંતે આવ્યો <u>ખરો</u>.
(૨) રમેશ <u>ન</u> આવ્યો.
(૩) રમેશ <u>કદાચ</u> આવશે.
(૪) રમેશ <u>નહિ જ</u> આવે.

ક્રિયાવિશેષણ જેવા જ અન્ય બે શબ્દપ્રકાર છે. તે છે ક્રિયાપૂરક શબ્દો અને કૃદન્ત.

ક્રિયાપૂરક શબ્દો એટલે ક્રિયાનો અર્થ પૂરો કરનારા શબ્દો. ઘણાં ક્રિયાપદ બહુ નાના હોય છે અને એકલું ક્રિયાપદ કશું સમજાવી શકતું નથી. આવા ક્રિયાપદને ક્રિયાપૂરક શબ્દોની જરૂર પડે છે. આવું એક ક્રિયાપદ છે - ‘છે’. આ ‘છે’ ક્રિયાપદ માત્ર હયાતી એટલે કે અસ્તિત્વ

દર્શાવે છે પણ તેનાથી ખાસ કંઈ સમજાતું નથી એટલે તેને ઢગલાબંધ ક્રિયાપૂરક શબ્દોની જરૂર પડે છે. આ દાખલો જૂઓઃ

(૧) અમદાવાદ છે. (૨) અમદાવાદ સાબરમતી નદીના કિનારે વસેલું ઐતિહાસિક શહેર છે. આમ ક્રિયાપૂરક શબ્દો વાક્યને અર્થ પ્રદાન કરવામાં મહત્વનો ભાગ ભજવે છે.

પણ આ ક્રિયાપૂરક શબ્દ સ્વતંત્ર શબ્દપ્રકાર નથી. એટલે વ્યાકરણમાં તેનું ખાસ મહત્વ નથી. કૃદન્ત એટલે અધૂરી ક્રિયા બતાવતા શબ્દો. આ શબ્દો ક્રિયા બતાવે છે પણ ક્રિયાપદની માફક વાક્યને પૂર્ણ બનાવતા નથી. કૃદન્તના દાખલા નીચે મુજબ છેઃ

(૧) *કહેવું* સહેલું છે પણ *કરવું* અઘરું છે.
(૨) તે *ફરતાં ફરતાં* ઘણો દૂર નીકળી ગયો.
(૩) *ગયો* વખત પાછો આવતો નથી.

કૃદન્ત પણ કોઈ સ્વતંત્ર શબ્દપ્રકાર નથી. તે વાક્યમાં નામ, વિશેષણ અથવા અવ્યય તરીકે વપરાય છે. કૃદન્તના કાળ અનુસાર તેને ભૂતકૃદન્ત, વર્તમાનકૃદન્ત વગેરે વર્ગ આપવામાં આવે છે.

## અવ્યય

આ બધાં આખ્યેય અથવા વિકારી શબ્દના જુદા જુદા પ્રકાર આપણે જોયા. વાક્યમાં હવે બાકી રહે છે અવ્યય અથવા અવિકારી શબ્દો. અવ્યય એટલે એવા શબ્દો કે જે દરેક પરિસ્થિતિમાં ફેરફાર વિનાના રહે. અવ્યયને ચાર વર્ગમાં વહેંચવામાં આવે છે.

(૧) ક્રિયાવિશેષણ અવ્યય

*પુરુષ જલદી ચાલે છે, સ્ત્રી જલદી ચાલે છે. બાળક જલદી ચાલે છે. તે માણસ હવે જલદી ચાલશે. ગઈ કાલે તું પણ જલદી ચાલતો હતો. વગેરે વગેરે.*

આ દાખલામાં 'જલદી' ક્રિયાવિશેષણ છે પણ તે અન્ય ક્રિયાવિશેષણ કરતાં જુદું છે એટલે તે અવ્યય તરીકે ઓળખાય છે. 'જલદી'થી  ઉલટા શબ્દ 'ધીમું'નો દાખલો જૂઓ.

*હાથી ધીમો ચાલે છે, બકરી ધીમી ચાલે છે, કુતરું ધીમું ચાલે છે.* આમ 'ધીમું' શબ્દ બદલાયા કરતો હોવાથી તે સામાન્ય ક્રિયાવિશેષણ કહેવાય. તે અવ્યય નથી.

આમ અવ્યયનો પહેલો પ્રકાર ક્રિયાવિશેષણનો છે. આ ક્રિયાવિશેષણ અવ્યયના ઘણાં જુદા જુદા પેટાપ્રકાર  છે પણ આવું વધુ વર્ગીકરણ એ વિદ્વાનોની ચર્ચાનો વિષય છે.

(૨) શબ્દયોગી અથવા નામયોગી અન્વય.

જે શબ્દ અન્ય શબ્દ સાથે જોડાઈને તેના અને ક્રિયાપદ વચ્ચે સંબંધ જોડે તેને શબ્દયોગી અથવા નામયોગી અવ્યય કહેવાય.

છોકરો ઝાડ *ઉપર* ચડ્યો. રમેશ અનિલની *પાસે*  ગયો. હું તારી *સાથે*  ફરવા નહિ આવું.

અહીં 'ઉપર', 'પાસે', 'સાથે'  એ બધાં શબ્દો શબ્દયોગી કે નામયોગી અવ્યય ગણાય. આવા અન્ય શબ્દયોગી અવ્યય આ પ્રમાણે છે–

*વચ્ચે, અંદર, આગળ, પાછળ, મારફત, સહિત, વિના, માટે, લીધે, તરફ, સુધી* વગેરે.

(૩) ઊભયાન્વયી અવ્યય.

આ અવ્યય એક જ વાક્યમાં આવેલા બે શબ્દને અથવા કોઈ મોટા કે મિશ્રવાક્યમાં બે ઉપવાક્યને જોડવાનું કામ કરે છે.

દાખલો:

રમેશ *અને* અનિલ બન્ને મિત્ર છે. રમેશ જેવો ઘરે આવે *કે* તરત લખવા બેસી જાય છે.

અન્ય ઊભયાન્વયી અવ્યય

*ને, તથા, અથવા, કિંવા, પણ, પરંતુ, છતાં, તો પણ, કેમકે, જે* વગેરે.

(૪) કેવળપ્રયાગી અવ્યય

આ સમજવામાં સૌથી સહેલા અવ્યય છે. ગુસ્સો, આનંદ, આઘાત, દુઃખ, આશ્ચર્ય, તિરસ્કાર વગેરે આવેશમાં આવી જઈ સ્વાભાવિકપણે બોલી નખાતા શબ્દો કેવળપ્રયોગી કે ઉદ્ગારવાચક અવ્યય કહેવાય છે. આ શબ્દો એકલા જ બોલાય છે અને વાક્યો સાથે તેને કોઈ સંબંધ હોતો નથી. જેમકે *વાહ વાહ, છટ, ઓ હો, હેં, શું વાત છે, હોય નહિ.*

અન્ય કેવળપ્રયોગી અવ્યય

*હે રામ, અ રે રે, માડી રે, બાપા રે, વોય વોય, હાય હાય, છી છી, ખરેખર, બસ, ચૂપ કર, સારું, શાબાશ, ધન્ય , હદ થઈ ગઈ, ઠીક , ભલે* વગેરે

# નિપાત

નિપાત અવ્યય પ્રકારના અવિકારી શબ્દ છે. સંખ્યામાં તે બહુ થોડા છે પણ તે છે બહુ મહત્વના કેમકે નિપાતવાળાં વાક્ય અને નિપાત વિનાના વાક્યનાં સૂચિતાર્થ અલગ જ હોય છે. નિપાતનો અર્થ થાય છે ટપકેલું અથવા પડેલું. આ અવ્યય શબ્દોનાં મૂળ ન મળતાં હોવાથી તે અવ્યયના બદલે નિપાત તરીકે ઓળખાય છે. નિપાતનું કામ છે તેની આગળ-પાછળ આવતા શબ્દના અર્થનો વિસ્તાર કરવાનું, ભાર દર્શાવવાનું કે નક્કીપણું સૂચવવાનું.

થોડાં નિપાત શબ્દો અને નિપાતના કારણે વાક્યના બદલાતા અર્થ જોઈ લો:

| નિપાત | નિપાત વગરનું વાક્ય | નિપાતવાળું વાક્ય |
|---|---|---|
| તો | તે આવશે. | તે તો આવશે. |
| જ | તે આવશે. | તે આવશે જ. |
| તો, જ | તે આવશે. | તે તો આવશે જ. |
| સુદ્ધાં | તે આવશે. | તે સુદ્ધાં આવશે. |
| માત્ર / ફક્ત | તે આવશે. | માત્ર / ફક્ત તે આવશે. |
| ને | તું આવીશ? | તું આવીશ ને? |
| તો, જ, ને | તું આવીશ? | તું તો આવીશ જ ને! |
| પણ | તું આવીશ? | તું પણ આવીશ? |
| ખરો,ખરી, ખરું, ખરાં | તે આવશે? તે ચાલશે? તે દોડશે? તેઓ જમશે? | તે આવશે ખરો? તે ચાલશે ખરી? તે દોડશે ખરું? તેઓ જમશે ખરાં? |

## શબ્દને સમજો પ્રકરણ સમાપ્ત

# પ્રકરણ - ૩

# રૂપ સાથે રમો-૧

રૂપાખ્યાન વ્યાકરણનું સૌથી મહત્વનું અને સૌથી અઘરું અંગ છે. રૂપાખ્યાન એટલે શબ્દના રૂપનું વિવરણ. અવ્યય એટલે કે અવિકારી શબ્દો સિવાયના બધાં શબ્દ આખ્યેય એટલે કે વિકારી હોય છે. આખ્યેય શબ્દોનું રૂપ સંયોગ પ્રમાણે બદવાયા કરે છે. આ રૂપના બદલાવાની અને એક શબ્દમાંથી બીજો શબ્દ ઘડાવાની બાબતની ચર્ચા અને છણાવટ રૂપાખ્યાનમાં કરવામાં આવે છે.

રૂપાખ્યાનને બરાબર સમજવું હોય તો આપણે ધાતુ, પૂર્વગ, પ્રત્યય, ઉપસર્ગ, જાતિ, વચન, વિભક્તિ, કાળ, પુરુષ, સંધિ-વિગ્રહ, સમાસ, વ્યુત્પતિ, તત્સમ-તદ્‌ભવ-દેશ્ય વગેરે ઘણીબધી વિભાવનાઓ જાણી અને સમજી લેવી રહે છે.

## ધાતુ

આખ્યેય અથવા તો વિકારી શબ્દો ઘડી શકાય એવા હોય છે. ઘડાયેલા શબ્દનું ઘડતર થાય તે અગાઉના તેના મૂળ રૂપને ધાતુ કહેવાય. ભાષાનો જ્યારે ઉદ્‌ભવ થાય ત્યારે ક્રિયાને સમજવા-સમજાવવા માટે પહેલા ધાતુ બને છે અને પછી એ ધાતુના આધારે ક્રિયાપદ, નામ, વિશેષણ વગેરે બને છે. દાખલા તરીકે ‘ખ્યા’ (એટલે બોલવું) એ મૂળ ધાતુ છે. આ ધાતુને ઘડીને બનાવાયેલા શબ્દો છે – વ્યાખ્યા, વ્યાખ્યાન, વ્યાખ્યાતા, આખ્યાન, રૂપાખ્યાન, પ્રખ્યાત, વિખ્યાત, ખ્યાતિ વગેરે.

મૂળ ધાતુ અને તેના પરથી બનેલા કેટલાંક જાણીતા શબ્દોના અન્ય દાખલા આ પ્રમાણે છેઃ

(૧) તૃ (તરવું)ઃ તર, તરણ, તારણ, તરવું, તારવું, તરવૈયો, તારો, તરણું, તીર, તીર્થ,

ત્રાતા, અવતાર, ભવતારણ, તારણહાર, તરસ, તૃષા, તૃપ્તિ વગેરે.

(૨) જન્ (જન્મવું): જન, જન્મ, જન્મભૂમિ, જણવું, જનની, જાત, સજ્જન, દુર્જન, પ્રજા, પ્રજનન, પૂર્વજ, અનુજ, તનુજ, વંશજ, પંકજ, સર્જન, વિસર્જન, જન્માષ્ટમિ, જનાધાર, જનીન વગેરે.

(૩) વહ્ (વહેવું): વહેવું, વહાણ, વહેણ, વાહન, વાહક, વહાણું, વહાલ, વહાલપ, વહાલું, પ્રવાહ, નિર્વાહ, વિવાહ, આવાહન, વિહ્વળ વગેરે.

આમ એક ધાતુ પરથી શબ્દના અનેક રૂપ સર્જાય છે. આ સર્જનમાં મુખ્ય ફાળો આપે છે પૂર્વગ, પ્રત્યય અને ઉપસર્ગ. આ ઘડતર પ્રક્રિયામાં શબ્દના અર્થ બિલકુલ બદલાઈ જતા હોય છે અને નવા નવા શબ્દ સાકાર થયા કરતા હોય છે.

## પૂર્વગ , પ્રત્યય અને ઉપસર્ગ

ધાતુની કે શબ્દની આગળ મૂકાતા એક અથવા વધુ અક્ષર પૂર્વગ કહેવાય જ્યારે ધાતુ કે શબ્દની પાછળ લગાડાતા-ઉમેરાતા એક કે વધુ અક્ષર પ્રત્યય કહેવાય. ઉપસર્ગ એ પૂર્વગનો જ એક પ્રકાર છે. પાણિનીએ જ્યારે સંસ્કૃત ભાષાના વ્યાકરણની રચના કરી ત્યારે તેમણે નીચે પ્રમાણેના ૨૦ પૂર્વગને ઉપસર્ગ તરીકે ઓળખાવ્યા હતા અને આપણે પણ ગુજરાતી વ્યાકરણમાં તેમને ઉપસર્ગ તરીકે ઓળખવાનું ચાલુ રાખ્યું છે. સંસ્કૃત (અને ગુજરાતી) ભાષાના ૨૦ ઉપસર્ગ આ પ્રમાણે છે:

અતિ, અધિ, અનુ, અપ, અપિ, અવ, અભિ, આ, ઉત્-ઉદ્, ઉપ, દુસ્-દુર્, નિ, નિસ-નિર્, પરા, પરિ, પ્ર, પ્રતિ, સમ્, સુ, અને વિ.

આ ઉપસર્ગ વડે બનેલા કેટલાંક જાણીતા શબ્દના દાખલા આ પ્રમાણે છે:

| | | |
|---|---|---|
| અતિ | આચાર, જ્ઞાન | અત્યાચાર, અતિજ્ઞાન |
| અધિ | કૃત, અક્ષ | અધિકૃત, અધ્યક્ષ |
| અનુ | ક્રમ, સ્વર | અનુક્રમ, અનુસ્વાર |
| અપ | વાદ, શબ્દ | અપવાદ, અપશબ્દ |
| અપિ | તુ | અપિતુ |
| અવ | ગણના, દશા | અવગણના, અવદશા |
| અભિ | નંદન, યાસ | અભિનંદન, અભ્યાસ |
| આ | ગમન, રડવું | આગમન, આરડવું |
| ઉત્-ઉદ્ | કર્ષ, વેગ | ઉત્કર્ષ, ઉદ્વેગ |
| ઉપ | નગર, નામ | ઉપનગર, ઉપનામ |
| દુસ્-દુર્ | કાળ-ભાગ્ય | દુષ્કાળ-દુર્ભાગ્ય |
| નિ | યમ, વાસ | નિયમ, નિવાસ |
| નિસ્-નિર્ | ચિંત-નય | નિશ્ચિંત-નિર્ણય |
| પરા (બહુ) | ક્રમ, કષ્ટ | પરાક્રમ, પરાકાષ્ટા |
| પરિ | સ્થિતિ, શ્રમ | પરિસ્થિતિ, પરિશ્રમ |
| પ્ર | યત્ન, યોગ | પ્રયત્ન, પ્રયોગ |
| પ્રતિ | અક્ષ, નિધિ | પ્રત્યક્ષ, પ્રતિનિધિ |
| સમ્ | વેદના, ઈક્ષા | સંવેદના, સમીક્ષા |
| સુ | રુચિ, વિચાર | સુરુચિ, સુવિચાર |
| વિ | યોગ, સમ | વિયોગ, વિષમ |

આ ઉપસર્ગ સિવાયના બાકીના પૂર્વગ પૂર્વગ તરીકે જ ઓળખાય છે. ઉપસર્ગ સિવાયના પૂર્વગ અને તેના વડે બનેલા શબ્દોના દાખલા નીચે પ્રણાણે છે. (એક મત એવો છે કે જે અક્ષર અથવા અક્ષરો જાતે સ્તંત્ર શબ્દ ન હોય અને કોઈ શબ્દની આગળ મૂકાતા હોય તો જ તે પૂર્વગની વ્યાખ્યામાં આવે. જે એક અથવા એકથી વધુ અક્ષર જાતે જ સ્વતંત્ર શબ્દ તરીકે વપરાતા હોય તેમને પૂર્વગ ન ગણવા જોઈએ. દાખલા તરીકે પુનર્જન્મ કે ખુશખબરમાં 'જન્મ' અને 'ખબર' આગળ મૂકાયેલા અક્ષરો 'પુનઃ' અને 'ખુશ' સ્વતંત્ર શબ્દ તરીકે વપરાય છે તેથી તે પૂર્વગ ન ગણાય. આથી સ્વતંત્ર અર્થ ધરાવતા પૂર્વગ અત્રે અપાયા નથી.)

| | | |
|---|---|---|
| અ | સત્ય, ધર્મ | અસત્ય, અધર્મ |
| અન્-અણ | અંત, બનાવ | અનંત, અણબનાવ |
| અધઃ | પતન, ગતિ | અધઃપતન, અધોગતિ |
| અલ | વિદા, મસ્ત | અલવિદા, અલમસ્ત |
| અંતર્ | આત્મા, ધ્યાન | અંતરાત્મા, અંતર્ધ્યાન |
| ક-કુ | વેળા-પાત્ર | કવેળા-કુપાત્ર |
| ગેર | હાજર, વાજબી | ગેરહાજર, ગેરવાજબી |
| દર | બદર, એક | દરબદર, દરેક |
| ન | કામ, જીવ | નકામું, નજીવું |
| ના | લાયક, રાજી | નાલાયક, નારાજી |
| પુરા (અગાઉ) | ગમન, આહુતિ | પુરોગામી, પુરોહિત |
| બદ | તમીજ, નામ | બદતમીજ, બદનામ |
| બહિસ્ | ગોળ, કાર | બહિર્ગોળ, બહિષ્કાર |
| બા | કાયદા, હોશ | બાકાયદા, બાહોશ |

| | | |
|---|---|---|
| બિન | વારસ, અનુભવ | બિનવારસ, બિનઅનુભવી |
| બે | પરવા, કસુર | બેપરવા, બેકસુર |
| ભર | રસ્તો, બપોર | ભરરસ્તે, ભરબપોરે |
| વણ | લોભ, માગવું | વણલોભી, વણમાગ્યું |
| સ | પ્રેમ, ભાન | સપ્રેમ, સભાન |
| સત્ | કાર્ય, કર્મ | સત્કાર્ય, સત્કર્મ |
| સદ્ | આચાર, ભાવના | સદાચાર, સદભાવના |
| સર | પંચ, મુખત્યાર | સરપંચ, સરમુખત્યાર |
| સહ | વાસ, યોગ | સહવાસ, સહયોગ |
| સ્વ | જન, રાજ | સ્વજન, સ્વરાજ |
| હર | કોઈ, રોજ | હરકોઈ, હરરોજ |

ગુજરાતી ભાષાના સંખ્યાબંધ શબ્દો બે અથવા વધુ શબ્દોના સમાસ વડે બનેલા છે. જેમકે પરસ્ત્રી, પરાધિન, ખુશબુ, કમનસીબ, પૃથક્કરણ, પુનરાવર્તન, પ્રાતઃકાળ વગેરે. આ કિસ્સામાં આગળ મૂકાયેલ શબ્દ પૂર્વગ ન ગણાય. પૂર્વગ તરીકે અક્ષર હોય, શબ્દ નહિ.

પૂર્વગ જો શબ્દની આગળ મૂકાતા અક્ષર છે તો પ્રત્યય શબ્દની પાછળ લગાડાતા અક્ષર છે. પ્રત્યય એક કે એકથી વધુ અક્ષરના બનેલા હોઈ શકે.

એક જ ધાતુમાંથી જુદા જુદા પ્રત્યય વડે અનેક નવા શબ્દ બનાવાય છે. જૂઓ–

લિખ્ (ધાતુ) :  લખવું, લખાણ, લેખક, લખનાર, લેખ, લેખણ, લેખિની, લખેલું , લખવાવાળો વગેરે.

એ જ પ્રકારે એક જ પ્રત્યય અનેક નામ કે ક્રિયાપદને લાગી વિવિધ શબ્દ બનાવે છે. જૂઓ–

તત્સમ શબ્દોના કિસ્સા

વ્ય (પ્રત્યય) : મંતવ્ય, ગંતવ્ય, વક્તવ્ય, તાલવ્ય, દંતવ્ય, ભવિતવ્ય, સેવ્ય વગેરે

તદ્ભવ શબ્દોના કિસ્સા

વાળો (પ્રત્યય)ઃ દૂધવાળો, શાકવાળો, ફેરીવાળો, છાપાવાળો, રમવાવાળો, ગાવાવાળો, હસવાવાળો, ખાવાવાળો, નાચવાવાળો વગેરે વગેરે.

પ્રત્યયને બે બહોળા વર્ગમાં વહેંચી શકાય. (૧) મૂળ ધાતુને લાગતા પ્રત્યય અને (૨)મૂળ ધાતુમાંથી બનેલા શબ્દને ફરીથી જે પ્રત્યય લગાડી હજુ નવા શબ્દ બનાવાય છે તે પ્રત્યય. ભગવત ગોમંડળ કોષમાં આ બન્ને તબક્કાના પ્રત્યયની આ પ્રમાણે યાદી અપાઈ છેઃ

પ્રથમ તબક્કાના પ્રત્યય

અ, ઇ, એય, ય, ઇય, વ્ય, તા, ઇક, અક, ઇય, ત્ય, ઇન્ એય, ત્વ, ઇમન્, ત્ર, ત્મ, ઇયસ, ઇષ્ટ, મત્, વત્, ઇન્, ઇન્, વિન, આલુ, વલ, લ, વ, યુ, ઇલ, શ, ન, ઉર, ર, મ, આલ, આટ, આમિન, ભ, ઇમસ, કલ્પ, પ્રાય, ઇત્, માત્ર, ધેય, ક, ત્સ, દા, ત્ર, થા, ધા, શઃ, અદ્ય, તીય, ત્મ, ત્ય, શાલ, કટ, ત્યક, ત્ન, આઇ, આસ-શ, પણ-પણું, પ, મ, આણ-આણું, પો, વટ, આટ, આટો, ઓટી, મન્ત, વન્ત, ગાળો-વાળો, ડું, લો-લી-લું, ચા, નાક, ગી, તી, ગીન, દાર, મંદ, વર, વાર, ચી.

બીજા તબક્કાના પ્રત્યય

તૃ, અક, અન, ઇન્, અ, તિ, આના, અની, યા, આ, ન, ત્ર, માન, અત્, ત્, ત્વ્ય, ર, ઇ, અનીય, કૃ, ઇષ્ણુ, આલુ, વર, ઉ, ઉર, ઇર, ઇલ, મ, અનિ, ઇસ્, મિ, અણ, અણી, અણું, અત્, તી,

આઈ, આવ, અવટ, આટ્, આણ, આપ, આમણ, ઉક, અક, ત્ર, યાળ, નાર, કાર, આઉ, આળ.

પ્રત્યયનો વિષય ઘણો વિશાળ છે. ગુજરાતી ભાષામાં પ્રત્યયની સંખ્યા બહુ મોટી છે.  ઉપર જણાવેલા પ્રત્યય મુખ્યત્વે ઉચ્ચ કક્ષાના સંશોધન માટે વધુ કામના છે. એટલે આ બાબતની વધુ ચર્ચા કરવાને બદલે પ્રત્યય લગાડી બનાવાયેલા શબ્દોના માત્ર થોડા દાખલા અહીં આપ્યા છે.

પ્રથમ તબક્કાના પ્રત્યયવાળા શબ્દ

ભજન, સાધના, હિંસક, કર્તા, સૃષ્ટિ, શોષણ, વિચારણા, સિલાઈ, તલસાટ, અકળામણ, લખાણ, સજાવટ, ચણતર, મારકણું, ઉડાઉ, ધૂતારો વગેરે

બીજા તબક્કાના પ્રત્યયવાળા શબ્દ

ઉદારતા, મહત્વ, સૌંદર્ય, વાર્ષિક, દયાળુ, ધનવાન, હળવાશ, લંબાણ, ભોંઠપ, ડહાપણ, માણસાઈ, અંધાપો, ઝીણવટ, રૂપાળું, ગામડિયો, રમતિયાળ, ફરજિયાત, મારવાડી, માંદગી, દોસ્તી, કામગીરી, મસ્તીખોર, જાદુગર, દુકાનદાર, ભેજાબાજ, ઉમેદવાર વગેરે.

ઉપર જણાવેલ પ્રત્યયો વડે શબ્દોના રૂપમાં થતા ફેરફાર ઉપરાંત નામ, સર્વનામ અને વિશેષણના રૂપમાં તેની જાતિ, વચન અને વિભક્તિ અનુસાર ફેરફાર થાય છે તો ક્રિયાપદના રૂપમાં કાળને દર્શાવવા માટે ફેરફાર થતા હોય છે. આ જાતિ, વચન, વિભક્તિ અને કાળના ફેરફાર જાણવા અને સમજવા બહુ જરૂરી છે. ચાલો તેનું રૂપાખ્યાન જોઈએ.

## જાતિ, વચન અને વિભક્તિ

ગુજરાતી ભાષામાં જાતિ ત્રણ છે. નર જાતિ, નારી જાતિ અને નાન્યતર જાતિ. વચન બે છે. એકવચન અને બહુવચન. વિભક્તિ સાત છે. કર્તા, કર્મ, કરણ અથવા સાધન, તાદર્થ્ય

અથવા સંપ્રદાન, અપાદાન, સંબંધ અને અધિકરણ. (સંબોધનને આઠમી વિભક્તિ ગણવાથી કોઈ અર્થ સરતો ન હોવાથી તેના ઉલ્લેખની જરૂર નથી.)

બધાં નામને જાતિ અને વચન લાગુ પડે છે. એક ઉદાહરણ જોઈએ.

| | એકવચન | બહુવચન |
|---|---|---|
| નર જાતિ | છોકરો | છોકરાઓ |
| નારી જાતિ | છોકરી | છોકરીઓ |
| નાન્યતર જાતિ | છોકરું | છોકરાંઓ |

આમ એક જ નામ, તે નર, નારી કે નાન્યતર જાતિનું હોય એ પ્રમાણે, અલગ રૂપ ધારણ કરે અને તે અલગ રૂપ પણ એકવચનથી બહુવચનમાં જતાં બદલાઈ જાય છે.

આ એક સામાન્ય નિયમ થયો પણ આ વાત બધાં નામને લાગુ પડતી નથી. ઘણાબધાં નામમાં, ખાસ કરીને નિર્જીવ પદાર્થ અને ભાવવાચક નામના કિસ્સામાં તેની જાતિ માત્ર જૂના વખતથી ચાલી આવતી રૂઢિના આધારે ગણવામાં આવે છે અને ઘણી વખત એકવચન તથા બહુવચનમાં પણ નામનું રૂપ એનું એ રહે છે. દાખલા તરીકે ગ્રંથને નર જાતિ, ચોપડીને નારી જાતિ અને પુસ્તકને નાન્યતર જાતિમાં માત્ર રૂઢિના આધારે મૂકવામાં આવે છે. તે માટે કોઈ તાર્કીક કારણ નથી. બહુવચન કરતી વખતે ચોપડી ચોપડીઓ અને પુસ્તક પુસ્તકો બને પણ ગ્રંથ એકવચનમાં કે બહુવચનમાં ગ્રંથ જ રહે છે.

ભાવવાચક નામનો વિચાર કરીએ તો કોઈ તાર્કીક કારણ વિના માત્ર પરંપરાના આધારે ક્રોધ, ભય, હર્ષ અને શોક નર જાતિના નામ, ઉતાવળ, આબરૂ, ઝડપ, સુવાસ નારી જાતિના નામ અને આરોગ્ય, શિક્ષણ, ચિંતન અને મનન નાન્યતર જાતિના નામ ગણવામાં આવે છે. પંખી જગતમાં આપણે મોર-ઢેલ, ચકલો-ચકલી, કૂકડો-મરઘી વગેરેમાં સાચી રીતે નર-

માદાનો ભેદ કરીએ છીએ પણ ગુજરાતી ભાષામાં તમામ બગલા-ગીધ-ગરુડ નર અને તમામ બતક-કાબર-કોયલ નારી જાતિની અને બધાં ચાતક-બાજ-બુલબુલ નાન્યતરની ઓળખ મેળવે છે ! આપણી ભાષામાં જીવ-જંતુ અને વનસ્પતિના નામમાં જાતિની દૃષ્ટિએ તેથી પણ વધુ અરાજકતા છે. સજીવ સૃષ્ટિની કુદરતની રચના પ્રમાણેની જાતિ અને વ્યાકરણની દૃષ્ટિએ તેના નામની જાતિ વચ્ચે કોઈ સંબંધ જ જોવા મળતો નથી.

નામની જાતિની ઓળખ વિશે ૧૮૫૮માં પ્રસિદ્ધ થયેલા સર ટી.સી. હોપકૃત પ્રથમ ગુજરાતી વ્યાકરણના પુસ્તકથી શરૂ થઈ આજ સુધી લગભગ દરેક વ્યાકરણની ચોપડીમાં એક વાત કહેવામાં આવે છે કે નામને કેવો, કેવી કે કેવું પૂછવાથી નામની જાતિ જાણવા મળી શકે. પરંતુ આ કસોટીમાં એ વાત ભૂલી જવાઈ છે કે તમને એ નામની જાતિની પહેલેથી સાચી સમજ હોય તો જ તમે કેવો, કેવી કે કેવુંનો સાચો જવાબ આપી શકો. દાખલા તરીકે જે માણસને સારસ કે સમળી શું છે તેની જ ખબર ન હોય તો તે કેવો, કેવી કે કેવુંનો શું જવાબ આપી શકે? કચ્છી બોલીમાં નાન્યતર જાતિ નથી એટલે કોઈ કચ્છીને પૂછીએ કે બાળક કેવો કે કેવું તો મોટા ભાગે બાળક કેવો એવો જ ઉત્તર મળશે.

આપણાં વ્યાકરણમાં જાતિ અને વચન વિશે કેટલાંક શોભાના ગાંઠીયા જેવા નિયમ છે પણ આ નિયમો 'પીયુટી પુટ થાય અને બીયુટી બટ' થાય એવા છે. એટલે કે અસરકારક નિયમો નથી. આ નિયમો કરતાં પરંપરા વધુ મહત્વની છે. આવા કેટલાંક સામાન્ય નિયમો આ પ્રમાણે છે.

(૧) નર જાતિના નામ મોટા ભાગે અકારાન્ત કે ઓકારાન્ત હોય, નારી જાતિના નામ આકારાન્ત કે ઇ-ઈકારાન્ત હોય અને નાન્યતર જાતિના નામ ઉકારાન્ત હોય.

દાખલા તરીકે ગીરનાર, કાર્યક્રમ, દૂધપાક, ખેડૂત તેમ જ રોટલો, ગોટલો, ચોટલો, ઘડો, ઘોડો, વાંદરો, વડલો, આંબો વગેરે નર જાતિના નામ છે.

આ સામે એવા ઘણાબધાં નામ છે કે જે અકારાન્ત કે ઓકારાન્ત હોવા છતાં નર જાતિના નથી. જેમકે છાશ, માખણ, ભાષણ, મદદ કે પછી જળો, ઘો, ખો, બદબો, છો, મોં વગેરે.

એ જ રીતે ગંગા, માતા, પ્રજા, કાયા, માયા, ગોદાવરી, નીતિ, માટી, ગાદી, પાઘડી, બિલાડી નારી જાતિ છે પણ રાજા, દેવતા, ચંદ્રમા, શ્રોતા કે પાણી, મોતી, હાથી, કવિ, પક્ષી, ધોબી, ઋષિ વગેરે નારી જાતિ નથી.

ઉકારાન્તમાં પશુ, ગાડું, ગામડું, છાપરું, તપેલું, છાપું વગેરે નિયમ મુજબ નાન્યતર છે તો ઘઉં, લાડુ, વસ્તુ, વહુ,  દારુ, ગુરુ, પ્રભુ વગેરે નાન્યતર નથી. (*યાદ રાખજો 'પશુ' શબ્દ નાન્યતર હોવા છતાં એકવચન અને બહુવચન બન્નેમાં અનુસ્વારમુક્ત  રહે છે !*)

(૨) નર જાતિના નામ પાછળ આ, ઈ, ઇકા, આની, અણ, આણી, ડી, ણી વગેરે પ્રત્યય લગાવી નારી જાતિના નામ બનાવી શકાય. જેમકે–

| | |
|---|---|
| વૃદ્ધ | વૃદ્ધા |
| બાળ | બાળા |
| બાલક | બાલિકા |
| દેવ | દેવી |
| મામા | મામી |
| ડોબો | ડોબી |
| ભવન | ભવાની |
| નાગ | નાગણ |
| સોની | સોનારણ |

| | |
|---|---|
| વાણિયો | વાણિયાણી |
| ઉંદર | ઉંદરડી |
| હાથી | હાથણી |

(૩) એ જ રીતે નાન્યતર નામને પ્રત્યયો લગાડી નારી જાતિના કરાય છે.

આ બધાં નિયમમાં ઘણા અપવાદ છે અને અનેક વખતે આ નિયમો લાગુ કરી શકાતાં નથી.

સર્વનામમાં જાતિ બદલાતી નથી. છોકરો, છોકરી કે છોકરું દરેક પોતા માટે હું અને અમે જ કહે છે. માત્ર વિશેષણ પ્રકારના સર્વનામ જેમકે બીજો, બીજી, બીજુંના કિસ્સામાં જાતિ બદલાય છે.

વિશેષણોના કિસ્સામાં વિકારી વિશેષણની જાતિ બદલી શકાય છે જ્યારે અવિકારી વિશેષણો ત્રણે જાતિમાં સમાન કહે છે. દા.ત. વિકારી વિશેષણ ઉતાવળો, ઉતાવળી, ઉતાવળુંની જાતિ બદલાય પણ અવિકારી વિશેષણ 'ઝડપી' ત્રણે જાતિમાં સમાન રહે. લાલ રંગ લાલ જ રહે પણ સાડલો રાતો થાય, ઓઢણી રાતી થાય અને પોલકું રાતું થાય.

વચનની દૃષ્ટિએ વિચાર કરીએ તો સંસ્કૃતમાં ત્રણ વચન છે. એકવચન, દ્વિવચન અને બહુવચન. સંસ્કૃત ભાષામાં પહેલા તબક્કે જ રામઃ રામૌ રામાઃ બોલતાં શીખવું પડે છે. આપણે ગુજરાતીમાં દ્વિવચન અપનાવ્યું નથી. ગુજરાતીમાં આપણે માત્ર એકવચન અને બહુવચનનો જ ઉપયોગ કરીએ છીએ.

એકવચનમાં શબ્દનું રૂપ જેવું હોય તેવું જ રહે છે. શબ્દમાં કોઈ ફેરફાર થતો નથી. એકવચનને બહુવચનમાં બદલવા માટે આ, ઓ, આં જેવા પ્રત્યય લગાવવામાં આવે છે. જેમકે–

| | |
|---|---|
| વાંદરો | વાંદરા |
| કાગડો | કાગડા |
| બકરી | બકરીઓ |
| નદી | નદીઓ |
| શહેર | શહેરો |
| કૂતરું | કૂતરાં |

ઘણાં શબ્દ એવા છે કે જે માત્ર એકવચનમાં જ વપરાય છે. તેનું બહુવચન થતું નથી. જેમકે જમાવટ, ડહાપણ, વફાદારી, ખાંડ, દૂધ વગેરે. ઘણાં શબ્દ એવા છે કે જે માત્ર બહુવચનમાં જ વપરાય છે. તેમનું એકવચન થતું નથી. જેમકે મગ, અડદ, ઝવેરાત, છાજિયાં, વેવલાવેડા, ધમપછાડા. તો અસંખ્ય શબ્દ એવા છે કે જે એકવચન અને બહુવચન બન્નેમાં એક સરખા રહે છે. જેમ કે એક નદીનું પાણી કે અનેક નદીઓનાં પાણી, એક પ્રકારનું ઘી કે અનેક પ્રકારનાં ઘી, એક ઝાડ કે ૨૫ ઝાડ, એક સજા કે ચાર સજા, એક મોરના પીંછા કે બે મોરના પીંછા વગેરે. પાણી, ઘી, ઝાડ, સજા, મોર જેવા અસંખ્ય શબ્દ આપણી ભાષામાં છે જે એકવચન અને બહુવચન બન્નેમાં વપરાય છે.

જાતિ અને વચન બાદ વિભક્તિનું રૂપાખ્યાન જોઈએ.

વિભક્તિ વાક્યમાં રહેલા વિવિધ શબ્દો વચ્ચેનો સંબંધ સ્થાપિત કરે છે. વિભક્તિમાં જે અક્ષરો વપરાય છે તેને પ્રત્યયને બદલે અનુગની સંજ્ઞા અપાય છે. અનુગ એટલે એવો અક્ષર અથવા અક્ષરો કે જે શબ્દની પાછળ મૂકાય પણ તે શબ્દની સાથે અંતરંગપણે ભળી ન જાય અને શબ્દના રૂપમાં કોઈ મૂળભૂત ફેરફાર ન કરે.

વ્યાકરણના પુસ્તકોમાં આપણી સાત વિભક્તિ અને તેના અનુગને સમજાવવા માટે આ પ્રકારનું  વિવરણ અપાતું હોય છે.

| વિભક્તિ | અનુગ |
|---|---|
| પહેલી વિભક્તિ (કર્તા) | કોઈ અનુગ નહિ અથવા એ, ને, થી, માં |
| બીજી વિભક્તિ (કર્મ) | કોઈ અનુગ નહિ અથવા ને |
| ત્રીજી વિભક્તિ (કરણ,કારણ, મૂલ્ય) | એ, થી (દ્વારા, વડે, મારફત) |
| ચોથી વિભક્તિ (સંપ્રદાન અથવા તાદર્થ્ય) | ને, એ (માટે) |
| પાંચમી વિભક્તિ (અપાદાન, ન્યૂનાધિકતા) | થી |
| છઠ્ઠી વિભક્તિ (સ્વામિત્વ) | નો, ની, નું, ના, નાં |
| સાતમી વિભક્તિ (અધિકરણ) | જે, એ, થી, માં |

ચાલો, વિભક્તિની આપણે વધુ છણાવટ કરી તેને બરાબર સમજીએ.

ગુજરાતમાં જ્યારે અરાજકતા હતી અને ચોર, લૂંટારા, ધાડપાડુઓનો બહુ ભય હતો ત્યારે વેપારી વર્ગમાં એક બીજાને 'ચખપલબમકલજ' રીતે સંદેશ મોકલવામાં આવતા કે જેથી એ સંદેશામાં શું કહ્યું છે તે અન્ય કોઈને સમજાય નહિ. આવા કાનોમાત્રા વિનાની વાત માત્ર જાણકારને સમજાતી, બીજા કોઈને નહિ. 'ચખપલબમકલજ'નો અર્થ થતો 'ચોખા પાલી બે મોકલજો'. પરંતુ ઘણી વખત એ અર્થ ઉકેલવામાં થાપ ખાઈ જવાય તો અર્થનો અનર્થ અને વાતનું વતેસર થઈ જતું. એક વેપારીએ તેના ભાઈને સંદેશ મોકલ્યો કે 'બપજઅજમરગયછ' એટલે કે 'બાપુજી અજમેર ગયા છે' તો ભાઈ સમજ્યો કે 'બાપુજી આજે મરી ગયા છે' અને એ કાણ માંડીને બેઠો! વિભક્તિ વિનાના વાક્યો 'ચખપલબ' જેવા હોય એટલે તેમાંથી કંઈ ભળતો જ અર્થ નીકળી શકે. કહેવાય કંઈ અને સમજાય કંઈ.

વાક્યમાં નામ અને ક્રિયાપદ વચ્ચે તથા નામ અને બીજા નામ સાથેનો સંબંધ વિભક્તિ વડે સ્પષ્ટ થાય છે. અને આ સંબંધ સ્પષ્ટ થાય તો જ એટલે કે વિભક્તિ હોય તો જ એ વાક્યનો અર્થ સમજાય. આ સંબંધ કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, સ્વામિત્વ અને અધિકરણ પ્રકારના હોય છે.

વિભક્તિ વિનાના અને વિભક્તિવાળા વાક્યનાં ઉદાહરણઃ

પહેલી અને બીજી વિભક્તિ

| | વિભક્તિ વિના | વિભક્તિ સાથે |
|---|---|---|
| (ક) | રમેશ સોનલ ફૂલ આપે છે. | રમેશ સોનલ<u>ને</u> ફૂલ આપે છે. |
| (ખ) | સોનલ ફૂલ પાળી મૂક્યું | સોનલે ફૂલ પાળી ઉપર મૂક્યું. |
| (ગ) | રમેશ સોનલ કાનમાં કહ્યું. | રમે<u>શે</u> સોનલ<u>ને</u> કાનમાં કહ્યું. |
| (ઘ) | રમેશ જાણવા મળ્યું. | રમેશ<u>ને</u> જાણવા મળ્યું. |
| (ચ) | રમેશ કંઈ બોલાયું નહિ. | રમેશ<u>થી</u> કંઈ બોલાયું નહિ. |
| (છ) | રમેશ હિમ્મત આવી. | રમેશ<u>માં</u> હિમ્મત આવી. |

(ક)માં રમેશ કર્તા છે. તેને અનુગ નથી. સોનલ કર્મ છે. સોનલને ‘ને’ અનુગ લાગ્યો છે.
(ખ)માં સોનલ કર્તા છે. સોનલને ‘એ’ અનુગ લાગ્યો છે. ફૂલ કર્મ છે. તેને અનુગ નથી.
(ગ)માં રમેશ કર્તા છે. રમેશને ‘એ’ અનુગ છે. સોનલ કર્મ છે. સોનલને ‘ને’ અનુગ છે.
(ઘ)માં રમેશ કર્તા છે. રમેશને ‘ને’ અનુગ છે.
(ચ) માં રમેશ કર્તા છે.રમેશને ‘થી’ અનુગ છે.
(છ)માં રમેશ કર્તા છે. રમેશને ‘માં’ અનુગ છે.

યાદ રાખશો. કોઈ પણ વાક્યમાં કર્તા અને ક્રિયાપદ હોવા અનિવાર્ય છે. એ બન્ને ન હોય તો

વાક્ય બને જ નહિ. કર્તા અગર વાક્યમાં શબ્દરૂપે હાજર ન હોય તો તે અધ્યાહાર છે એવું માની લેવાય છે. કર્તાને અનુગ ન પણ હોય અને હોય પણ ખરો. કર્મ વાક્યમાં 'શું' અથવા 'કોને' પૂછવાથી મળે. કર્મ વિનાનું પણ વાક્ય હોઈ શકે. કર્મ જો હોય તો તેને અનુગ ન હોય તેવું પણ બને અથવા તેને 'ને' અનુગ લાગે.

ત્રીજી અને ચોથી વિભક્તિ

| | વિભક્તિ વિના | વિભક્તિ સાથે |
|---|---|---|
| (ક) | બોલર દરેક બોલ વિકેટ ન મળે. (કરણ) | બોલરને દરેક બોલે વિકેટ ન મળે. |
| (ખ) | ઊંઘ એની આંખો ઘેરાણી. (કારણ) | ઊંઘથી એની આંખો ઘેરાણી. |
| (ગ) | ટમેટા ભાવ ૫૦ રૂપિયા કિલો થઈ ગયો. (મૂલ્ય) | ટમેટાનો ભાવ ૫૦ રૂપિયે કિલો થઈ ગયો. |
| (ઘ) | અનિલ રમેશ બે પુસ્તક આપ્યાં (સંપ્રદાન) | અનિલે રમેશને બે પુસ્તક આપ્યાં |
| (ચ) | તારા કારણ મારે ખૂબ સહન કરવું પડ્યું. (તાદર્થ્ય, હેતુ) | તારા કારણે મારે ખૂબ સહન કરવું પડ્યું. |

(ક)માં બોલ અને મળવાની ક્રિયા વચ્ચે કરણ-ઓજાર-સાધનનો સંબંધ છે એટલે  એટલે બોલને ત્રીજી વિભક્તિનો 'એ' અનુગ લાગ્યો છે.

(ખ)માં ઊંઘ અને ઘેરાવાની ક્રિયા વચ્ચે કારણનો સંબંધ છે એટલે ઊંઘને ત્રીજી વિભક્તિનો 'થી' અનુગ લાગ્યો છે.

(ગ)માં રૂપિયા શબ્દ મૂલ્ય દર્શાવે છે માટે તેને ત્રીજી વિભક્તિનો 'એ' અનુગ લાગ્યો છે.

(ઘ)માં રમેશને સંપ્રદાન એટલે કૈંક મળવાની ક્રિયા થઈ છે એટલે રમેશને ચોથી વિભક્તિનો 'ને' અનુગ લાગ્યો છે.

(ચ)માં કારણ શબ્દ તાદર્થ્ય એટલે કે હેતુ, ઉદ્દેશ કે ધારણા બતાવે માટે તેને ચોથી વિભક્તિનો 'એ' અનુગ લાગ્યો છે.

ત્રીજી વિભક્તિમાં અનુગના બદલે 'વડે', 'દ્વારા' 'મારફત' વગેરે નામયોગી અવ્યય પણ વપરાતા હોય છે જ્યારે ચોથી વિભક્તિમાં અનુગના સ્થાને 'માટે' નામયોગી અવ્યય વાપરી શકાય છે.

**પાંચમી, છઠ્ઠી અને સાતમી વિભક્તિ**

| | વિભક્તિ વિના | વિભક્તિ સાથે |
|---|---|---|
| (ક) | અનિલ મુંબઈ અમરેલી ગયો.<br>(અપાદાન) | અનિલ મુંબઈ<u>થી</u> અમરેલી ગયો. |
| (ખ) | સુરત અમદાવાદ મોટું શહેર છે.<br>(ન્યૂનાધિકતા) | સુરત<u>થી</u> અમદાવાદ મોટું શહેર છે. |
| (ગ) | રમેશ અવાજ સારો છે.<br>મહેશ નમ્રતા વધુ પડતી હતી.<br>સુરેશ ભાષણ સરસ હતું.<br>હસવા પ્રકાર અનેક છે.<br>બાળક રમકડાં ખોવાઈ ગયાં.<br>(સ્વામિત્વ અથવા સંબંધ) | રમેશ<u>નો</u> અવાજ સારો છે.<br>મહેશ<u>ની</u> નમ્રતા વધુ પડતી હતી.<br>સુરેશનું ભાષણ સરસ હતું.<br>હસવા<u>ના</u> પ્રકાર અનેક છે.<br>બાળક<u>નાં</u> રમકડાં ખોવાઈ ગયાં. |

| | | |
|---|---|---|
| (ઘ) | હું કાન બહેરો છું.<br>મને કાન સંભળાતું નથી.<br>અનિલ ઘર આવી ગાડી બેસી અમદાવાદ ગયો.<br>(અધિકરણ-ઠેકાણું) | હું કા<u>ને</u> બહેરો છું.<br>મને કાન<u>માં</u> સંભળાતું નથી.<br>અનિલ ઘ<u>રે</u> આવી ગાડી<u>માં</u> બેસી અમદાવાદ ગયો. |

## રૂપ સાથે રમો-૧ પ્રકરણ  સમાપ્ત

# પ્રકરણ - ૪

# રૂપ સાથે રમો-૨

આપણે નામ, સર્વનામ અને વિશેષણના રૂપનો પરિચય મેળવ્યો. હવે ક્રિયાપદના રૂપ પર એક ઉડતી નજર નાખીએ.

ક્રિયાપદ એટલે ક્રિયા બતાવતું પદ એવું આપણે માનીએ છીએ. પરંતુ ક્રિયાપદ તેનાથી કૈંક વધુ છે. હરગોવિંદદાસ કાંટાવાળાએ ક્રિયાપદની સારી વ્યાખ્યા આપી છે. તેમના કહેવા પ્રમાણે ક્રિયાપદ એટલે કાળસહિત ક્રિયા અથવા સ્થિતિ બતાવનાર પદ. ક્રિયાપદમાં ક્રિયા અથવા સ્થિતિ બતાવાયેલી હોય છે અને કાળ પણ હોય છે. જેમકે–

(૧) હું ચાલું છું.
(૨) હું માણસ છું.

પહેલા વાક્યમાં ચાલવાની ક્રિયા અને કાળ છે તો બીજા વાક્યમાં કોઈ ક્રિયા નથી પણ માણસ હોવાની સ્થિતિ અને કાળ દર્શાવાયા છે. કાળનું વિભાજન ત્રણ વર્ગમાં થાય છે. (૧) ભૂતકાળ (૨) વર્તમાનકાળ અને (૩) ભવિષ્યકાળ. જેમકે-

(૧) હું ચાલ્યો. (૨) હું ચાલું છું. (૩) હું ચાલીશ.

(૧) આ દુનિયા હતી. (૨) આ દુનિયા છે. (૩) આ દુનિયા રહેશે.

ઉપરના વાક્યોમાં વપરાયેલા ક્રિયાપદ અનુક્રમે ચાલવાની ક્રિયા અને હોવાની સ્થિતિના ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળના રૂપના દાખલા છે.

કાળના ભૂત, વર્તમાન અને ભવિષ્યના મુખ્ય પ્રકારને નીચે પ્રમાણે વધુ પેટાપ્રકારમાં વહેંચવામાં આવે છે:

(૧) ભૂતકાળના બે પેટાપ્રકાર છે - (ક) ચાલુ ભૂતકાળ અને (ખ) સંકેત ભૂતકાળ.
(૨) વર્તમાનકાળનો એક પેટાપ્રકાર છે - અનિયમિત વર્તમાનકાળ.
(૩) ભવિષ્યકાળનો એક પેટાપ્રકાર છે - આજ્ઞાર્થ ભવિષ્યકાળ.

આમ ગુજરાતી ભાષામાં ક્રિયાપદ કાળની દષ્ટિએ કુલ સાત રૂપ ધારણ કરી શકે છે. ગુજરાતી ભાષાના સાત પ્રકારના કાળ દર્શાવતા ક્રિયાપદના ઉદાહરણ જોઈએ:

| | |
|---|---|
| સાદો ભૂતકાળ | અનિલે લખ્યું. |
| ચાલુ ભૂતકાળ | અનિલ લખી રહ્યો હતો. |
| સંકેત ભૂતકાળ | અનિલે જો લખત તો પાસ થાત. |
| સાદો વર્તમાનકાળ | અનિલ લખે છે. |
| અનિયમિત વર્તમાનકાળ | અનિલ લખ્યું લખ્યું કરે છે. |
| સાદો ભવિષ્યકાળ | અનિલ લખશે. |
| આજ્ઞાર્થ ભવિષ્યકાળ | અનિલ, તું ક્યારે લખીશ ? |

આ સામે અંગ્રેજી ભાષામાં કાળને Past, Present અને Futureમાં વહેંચી દઈ દરેકના Simple, Continuous, Perfect અને Perfect Continuous એવા ચાર પેટાપ્રકાર પાડી એકંદરે ૧૨ પ્રકારે કાળ દર્શાવી શકાય છે.

ક્રિયાપદને કાળ ઉપરાંત વચનની પણ અસર થાય છે. વચનના કારણે ક્રિયાપદનું રૂપ બદલાય છે. જેમકે–

| | ભૂતકાળ | વર્તમાનકાળ | ભવિષ્યકાળ |
|---|---|---|---|
| એકવચન | હું ચાલ્યો. | હું ચાલું છું. | હું ચાલીશ. |
| બહુવચન | અમે ચાલ્યાં. | અમે ચાલીએ છીએ. | અમે ચાલીશું. |

સર્વનામમાં પુરુષ હોય છે. આ પુરુષના કારણે પણ ક્રિયાપદના રૂપ બદલાય છે. જેમકે–

એકવચન

| | ભૂતકાળ | વર્તમાનકાળ | ભવિષ્યકાળ |
|---|---|---|---|
| પહેલો પુરુષ | મેં કર્યું | હું કરું | હું કરીશ |
| બીજો પુરુષ | તેં કર્યું | તું કરે | તું કરીશ |
| ત્રીજો પુરુષ | તેણે કર્યું | તે કરે | તે કરશે |

બહુવચન

| | ભૂતકાળ | વર્તમાનકાળ | ભવિષ્યકાળ |
|---|---|---|---|
| પહેલો પુરુષ | અમે કર્યું | અમે કરીએ | અમે કરીશું |
| બીજો પુરુષ | તમે કર્યું | તમે કરો | તમે કરશો |
| ત્રીજો પુરુષ | તેઓએ કર્યું | તેઓ કરે | તેઓ કરશે |

ક્રિયાપદ પર જાતિની અસર પણ થાય છે. કર્તા કે કર્મ નર, નારી, નાન્યતર હોય તે પ્રમાણે

ક્રિયાપદનું રૂપ બદલાય છે. જેમકે–

| | કર્તા | કર્મ |
|---|---|---|
| નર | પુરુષ પડી ગયો. | મેં ગ્રંથ વાંચ્યો. |
| નારી | સ્ત્રી પડી ગઈ. | મેં ચોપડી વાંચી. |
| નાન્યતર | બાળક પડી ગયું. | મેં પુસ્તક વાંચ્યું. |

જ્યારે ક્રિયાપદ ભૂતકાળમાં અને એકવચનમાં હોય ત્યારે જ તેના પર જાતિની અસર જોવા મળે છે. ક્રિયાપદ બહુવચનમાં અથવા વર્તમાનકાળ કે ભવિષ્યકાળમાં હોય ત્યારે તેનું રૂપ યથાવત રહેતું હોય છે.

જ્યારે કર્તાની અસરથી ક્રિયાપદનું રૂપ બદલાય ત્યારે કર્તરિ પ્રયોગ થયેલો લેખાય. જ્યારે કર્મના પ્રભાવ હેઠળ ક્રિયાપદનું રૂપ બદલાય તે વખતે કર્મણિ પ્રયોગ થયેલો લેખાય. જેમકે– મેં ચોપડી વાંચી (કર્તરિ) અને મારાથી ચોપડી વંચાઈ (કર્મણિ).

સંસ્કૃત ભાષાની એક લાક્ષણિકતા ગુજરાતી, હિન્દી, મરાઠી વગેરે ભાષાઓમાં ઉતરી આવી છે. તે છે ‘ભાવે પ્રયોગ’ની. કર્તા અનુસાર ક્રિયાપદનું રૂપ બદલાય ત્યારે કર્તરિ પ્રયોગ થયો ગણાય અને કર્મ પ્રમાણે ક્રિયાપદ બદલાય ત્યારે કર્મણિ પ્રયોગ થયો લેખાય તે આપણે જોયું પણ જ્યારે કર્મની ગેરહાજરીમાં કર્મણિ પ્રયોગ થાય ત્યારે ‘ભાવે પ્રયોગ’ થયેલો લેખાય. દાખલા તરીકે ‘તે બોલ્યો’ કર્તરિ પ્રયોગ છે અને ‘તેનાથી બોલી દેવાયું’ આમ તો કર્મણિ પ્રકારનો પ્રયોગ છે પણ વાક્યમાં કોઈ કર્મ નથી તેથી અત્રે ‘ભાવે પ્રયોગ’ થયેલો લેખાય. આવા અન્ય ઘણા દાખલા આપી શકાય. ‘તમારાથી કેમ અવાયું નહિ? મારાથી આજે કંઈ પણ ખવાયું નહિ, અનિલને અમરેલીમાં ગમ્યું નહિ’ વગેરે. સંસ્કૃતમાં ‘ભાવ’ શબ્દ abstract ના અર્થમાં વપરાય છે. એટલે આવા શબ્દપ્રયોગ સંસ્કૃતમાં ‘ભાવે પ્રયોગ’ તરીકે ઓળખાય છે.

ભાવે પ્રયોગમાં ક્રિયાપદ સકર્મક પણ હોઈ શકે અને અકર્મક પણ હોઈ શકે. જો ક્રિયાપદ સકર્મક હોય તો કર્તાને ત્રીજી, ચોથી કે પાંચમી વિભક્તિ લાગે છે અને ક્રિયાપદ અકર્મક હોય તો કર્તાને ચોથી કે પાંચમી વિભક્તિ લાગે છે. ભાવે પ્રયોગમાં ક્રિયાપદનું રૂપ હંમેશા નાન્યતરજાતિના એકવચનનું હોય છે. અંગ્રેજી ભાષામાં ભાવે પ્રયોગ પ્રકારના શબ્દપ્રયોગ થતા નથી. ક્રિયાપદના રૂપ પર કર્તા અને કર્મ બન્નેની અસર પડતી હોવાથી ૧૯મી સદીમાં એ બન્નેને સંયુક્તપણે 'ક્રિયાનાથ' તરીકે ઓળખાવાતા હતા. ૨૦મી સદીથી આપણા વ્યાકરણમાં 'ક્રિયાનાથ' શબ્દનો ઉપયોગ બંધ કરાયો છે.

સંધિ-વિગ્રહ

સંધિ-વિગ્રહની વિભાવના વિશે સૌથી મહત્વની અને ખાસ યાદ રાખવા જેવી વાત છે કે ગુજરાતી શબ્દોની સંધિ થતી નથી અને ગુજરાતી ભાષામાં સંધિ-વિગ્રહના કોઈ નિયમ નથી. ગુજરાતી ભાષાનું શબ્દભંડોળ વિશાળ છે અને આ વિશાળ શબ્દભંડોળમાંથી માત્ર એક જ વર્ગના શબ્દો - *સંસ્કૃત ભાષામાંથી ગુજરાતી ભાષામાં અપનાવાયેલા તત્સમ શબ્દો* - માટે શબ્દોની સંધિ થવાની રસમ રૂઢિગત રીતે ચાલી આવે છે. આ તત્સમ શબ્દોના  સંધિ-વિગ્રહ માટે  સંસ્કૃત ભાષામાં જે નિયમો છે તે જ નિયમો ગુજરાતી ભાષામાં લાગુ પડે છે. સંસ્કૃત સિવાયની ભાષામાંથી આવેલા તત્સમ શબ્દો કે સંસ્કૃત સહિતની અન્ય ભાષામાંથી આવેલા તદ્ભવ શબ્દો કે સ્થાનિક દેશ્ય-રૂઢ શબ્દોમાં ક્યારે સંધિ-વિગ્રહ થતાં નથી. આથી આપણા વ્યાકરણની ચર્ચામાં સંધિ-વિગ્રહને અનિવાર્ય હોય તેટલું જ મહત્વ આપવું ઘટે છે - તેને જરૂર કરતાં વધુ મહત્વ આપવાની જરૂર નથી.

સંધિના મુખ્ય પ્રકાર ચાર છે - (૧) સ્વર સંધિ (૨) વ્યંજન સંધિ (૩) અનુસ્વાર સંધિ અને (૪)  વિસર્ગ સંધિ.

સ્વર સંધિનું  આખું કોષ્ટક આ પ્રમાણે છેઃ

| | |
|---|---|
| અ + અ = આ | ભાવ + અર્થ = ભાવાર્થ |
| અ + આ = આ | ધર્મ + આત્મા = ધર્માત્મા |
| આ + અ = આ | વિદ્યા + અર્થી = વિદ્યાર્થી |
| આ + આ = આ | મહા + આત્મા = મહાત્મા |
| ઇ + ઇ = ઈ | હરિ + ઇન્દ્ર = હરીન્દ્ર |
| ઇ + ઈ = ઈ | કવિ + ઈશ્વર = કવીશ્વર |
| ઈ + ઇ = ઈ | દેવી + ઇચ્છા = દેવીચ્છા |
| ઈ + ઈ = ઈ | રજની + ઈશ = રજનીશ |
| ઉ + ઉ = ઊ | સુ + ઉક્ત = સૂક્ત |
| ઉ + ઊ = ઊ | સિંધુ + ઊર્મિ = સિંધૂર્મિ |
| ઊ + ઉ = ઊ | ઉદાહરણ નથી |
| ઊ + ઊ = ઊ | ઉદાહરણ નથી |
| અ + ઇ = એ | સ્વ + ઇચ્છા = સ્વેચ્છા |
| અ + ઈ = એ | પરમ + ઈશ્વર = પરમેશ્વર |
| આ + ઇ = એ | મહા + ઇચ્છા = મહેચ્છા |
| આ + ઈ = એ | મહા + ઈશ્વર = મહેશ્વર |
| અ + એ = ઐ | હિત + એષણા = હિતૈષણા |
| અ + ઐ = ઐ | પરમ + ઐશ્વર્ય = પરમૈશ્વર્ય |
| આ + એ = ઐ | સદા + એવ = સદૈવ |
| આ + ઐ = ઐ | આત્મા + ઐક્ય = આત્મૈક્ય |
| અ + ઉ = ઓ | પર + ઉપકાર = પરોપકાર |
| અ + ઊ = ઓ | નવ + ઊઢા = નવોઢા |
| આ + ઉ = ઓ | મહા + ઉત્સવ = મહોત્સવ |
| આ + ઊ = ઓ | વિદ્યા + ઊત્તેજક = વિદ્યોત્તેજક |

| | |
|---|---|
| અ + ઓ = ઔ<br>અ + ઔ = ઔ<br>આ + ઓ = ઔ<br>આ + ઔ = ઔ | કંઠ + ઓષ્ટ = કંઠૌષ્ટ<br>વન + ઔષધિ = વનૌષધિ<br>મહા + ઓજસ = મહૌજસ<br>મહા + ઔદાર્ય = મહૌદાર્ય |
| અ + ઋ = અર્<br>આ + ઋ = અર્ | દેવ + ઋષિ = દેવર્ષિ<br>મહા + ઋષિ = મહર્ષિ |
| ઇ કે ઈ પછી અ, આ, ઉ કે એ આવે તો ઇ કે ઈનું રૂપ ‘ય્’ થાય | જેમકે ઇત્યર્થ, પ્રીત્યર્થે, ઇત્યાદિ, પ્રત્યુત્તર, પ્રત્યેક, પ્રત્યક્ષ, અધ્યાત્મ, અભ્યર્થના, અભ્યુદય વગેરે વગેરે. |
| ઉ કે ઊ પછી અ, આ, ઉ કે એ આવે તો ઉ કે ઊનું રૂપ વ્ થાય. | જેમકે સ્વચ્છ, સ્વલ્પ, સ્વાગત, અન્વેષણ વગેરે. |

વ્યંજન સંધિ

વ્યંજન સંધિના નિયમો સહેજ અલગ છે.

(ક) ક, ચ, ટ, ત, પ, ખ, છ, ઠ, થ, ફ અને શ, ષ, સ એ ૧૩ અક્ષર અઘોષ અક્ષર ગણાય છે. જ્યારે બે અઘોષ અક્ષર એકબીજાની પાસે આવે ત્યારે તે બે અક્ષરો કોઈ ફેરફાર વિના જોડાય છે. જેમકે સત્ + કર્મ = સત્કર્મ.

(ખ) ગ, જ, ડ, દ, બ, ઘ, ઝ, ઢ, ધ, ભ, ઙ, ઞ, ણ, ન, મ, ય, ર, લ, વ, હ અને ળ એ ૨૧ અક્ષરો ઘોષ ગણાય છે. જ્યારે બે ઘોષ અક્ષર એકબીજાની પાસે આવે ત્યારે તે બે અક્ષરો કોઈ ફેરફાર વિના જોડાય છે. જેમકે નિર્ + ભય = નિર્ભય.

(ગ) ‘ક’ વર્ગ, ‘ચ’ વર્ગ, ‘ટ’ વર્ગ, ‘ત’ વર્ગ અને ‘પ’ વર્ગના વ્યંજનમાં અનુનાસિક સિવાયના ચાર વ્યંજનના કિસ્સામાં તેના પછી જો કોઈ સ્વર અથવા ઘોષ વ્યંજન આવે તો જોડાનારા વ્યંજનને સ્થાને તેના વર્ગનો ત્રીજો વ્યંજન આવે. અર્થાત્ ‘ક’ વર્ગના કિસ્સામાં ‘ગ’, ‘ચ’ વર્ગના કિસ્સામાં ’જ’, ‘ટ’ વર્ગના કિસ્સામાં ‘ડ’, ‘ત’ વર્ગના કિસ્સામાં ‘દ’ અને ‘પ’ વર્ગના કિસ્સામાં ‘બ’ આવે. જેમકે ચિત્ + આનંદ = ચિદાનંદ, જગત્ + ઈશ = જગદીશ, ષટ્ + ગુણ = ષડગુણ, સદ્ + બુદ્ધિ = સદબુદ્ધિ વગેરે.

(ઘ) માત્ર ‘ત્’ ના કિસ્સામાં ‘ત્’ પછી ‘ચ’, ‘જ’, ‘ટ’ કે ‘લ’ આવે તો ‘ત્’ બદલાઈને અનુક્રમે ‘ચ્’,‘જ્’,‘ટ્’ કે ‘લ્’ બની જાય છે. જેમકે સત્ + ચિદાનંદ = સચ્ચિદાનંદ, સત્ + જન = સજ્જન, તત્ + લીન = તલ્લીન.

(ચ) કોઈ વ્યંજન પછી જો અનુનાસિક વ્યંજન આવે તો જોડાનારા વ્યંજનના સ્થાને તેના જ વર્ગનો અનુનાસિક વ્યંજન આવે. જેમકે ઉત્ + મત્ત = ઉન્મત, ચિત્ + મય = ચિન્મય વગેરે.

(છ) ‘હ’ની પહેલાં અનુનાસિક સિવાયનો વ્યંજન આવે ત્યારે આગલો વ્યંજન પોતાના વર્ગનો ત્રીજો વ્યંજન બને અને ‘હ’ તે જ વર્ગનો ચોથો વ્યંજન બને. જેમકે ઉદ્ + હત = ઉદ્ધત, ઉત્ + હાર = ઉદ્ધાર વગેરે.

(જ) ‘સ’ની પહેલાં જો ‘અ’ કે ‘આ’ સિવાયનો કોઈ સ્વર હોય તો ‘સ’નો ‘ષ’ થાય. જેમકે સુ + સુપ્ત = સુષુપ્ત.

(ઝ) ‘ઋ’, ‘ર્’ કે ‘ષ્’ પછી જો ‘ન’ આવે તો ‘ન’નો ‘ણ’ થાય. જેમકે ઋ + ન = ઋણ, નિર્ + નય = નિર્ણય વગેરે.

(૮) 'મ્' પછી વ્યંજન આવે તો 'મ્'નો અનુસ્વાર થઈ જાય. જેમકે સમ્ + વેદન = સંવેદન, સત્ + કલ્પ = સંકલ્પ વગેરે. 'મ્' પછી સ્વર આવે તો સ્વર 'મ્'માં ભળી જાય છે. જેમકે સમ્ + અન્વય = સમન્વય, સમ્ + ઈક્ષા = સમીક્ષા વગેરે.

વિસર્ગ સંધિ

વિસર્ગ સંધિના નિયમો ટૂંકમાં આ પ્રમાણે છેઃ

(૧) અકારાન્ત શબ્દ પછી વિસર્ગ હોય અને પછી ગ, જ, ડ, દ, બ, ઘ, ઝ, ઢ, ધ, ભ, ઙ, ઞ, ણ, ન, મ, ય, ર, લ, વ, હ અને ળ વ્યંજન આવે તો વિસર્ગનો લોપ થાય છે અને અકારાન્તનો અ સ્વર ઓ થઈ જાય છે. જેમકે મનઃ + ભાવ = મનોભાવ, મનઃ + વિકાર = મનોવિકાર વગેરે. પરંતુ જો મૂળ 'ર્' વ્યંજનનો વિસર્ગ થયો હોય તો એવો વિસર્ગ સંધિ વખતે ફરી 'ર્'માં ફેરવાય જાય. જેમકે પુનઃ + લગ્ન = પુનર્લગ્ન, અંતઃ + ધ્યાન = અંતર્ધ્યાન વગેરે. જ્યારે વિસર્ગનો ફરી 'ર્' થતો હોય ત્યારે જો વ્યંજન 'ર' સાથે જોડાણ થવાનું હોય તો 'ર્'નો લોપ થઈ જાય છે અને વિસર્ગ પહેલાનો સ્વર જો હ્રસ્વ હોય તો દીર્ઘ થઈ જાય છે. જેમકે નિઃ + રવ = નીરવ, નિઃ + રસ = નીરસ વગેરે.

(૨) વિસર્ગ પછી શ, સ, સ્ કે ષ્ આવે તો વિસર્ગ એમને એમ રહે છે. જેમકે નિઃશંક, નિઃસંશય, નિઃસ્વાર્થ, નિઃશ્વાસ વગેરે.

(૩) વિસર્ગ પછી ચ, છ. જ, ઝ, ઞ આવે તો વિસર્ગનો શ્ થાય. જેમકે નિઃ + ચેતન = નિશ્ચેતન, નિઃ + ચય = નિશ્ચય વગેરે.

(૪) વિસર્ગ પછી ક, ખ, પ કે ફ આવે તો વિસર્ગ એમને એમ રહે જેમકે પ્રાતઃ કાળ, દુઃખ, અંતઃપુર વગેરે. પણ જો મૂળ 'ર્' વ્યંજનનો વિસર્ગ થયો હોય તો વિસર્ગનો

‘ષ્’ થાય. જેમકે નિઃ + કલંક = નિષ્કલંક, નિઃ + પાપ = નિષ્પાપ, નિઃ + ફળ = નિષ્ફળ વગેરે.

(૫) વિસર્ગ પછી ‘ત’ વ્યંજન આવે તો વિસર્ગનો સ્ થાય છે જેમકે નિઃ + તેજ = નિસ્તેજ.

## સમાસ-વિગ્રહ

સંધિ અને સમાસ આમ તો સરખા જ છે પણ સંધિમાં અક્ષરોનો વિચાર થાય છે જ્યારે સમાસમાં શબ્દોનો વિચાર થાય છે. સમાસ એટલે બે અથવા બેથી વધુ શબ્દનો એક જ શબ્દમાં સમાવેશ. જેમકે ‘રાજાનો’ અને ‘મહેલ’ એ બન્ને શબ્દો જોડીને આપણે એક શબ્દ ‘રાજમહેલ’ જ્યારે બનાવીએ છીએ ત્યારે સમાસ થાય છે. ‘રાજમહેલ’ શબ્દનું ‘રાજાનો’ અને ‘મહેલ’ એમ બે શબ્દમાં વિભાજન કરીએ તો તેને વિગ્રહ કહેવાય.

સમાસનું વર્ગીકરણ તેના ઘટક શબ્દોના મહત્વના આધારે કરવામાં આવે છે.

(૧) સમાસમાં જો એક જ શબ્દ મહત્વનો હોય અને તેની સરખામણીમાં બીજા શબ્દ કે શબ્દોનું ઓછું મહત્વ હોય તો તે એકપદપ્રધાન સમાસ કહેવાય.

(૨) સમાસમાં બધાં ઘટક શબ્દ મહત્વના હોય તો તે સર્વપદપ્રધાન સમાસ કહેવાય.

(૩) સમાસના બધાં ઘટક શબ્દ ગૌણ હોય અને વાક્યમાં અન્ય પદ પર આધાર રાખતા હોય તો તે અન્યપદપ્રધાન સમાસ કહેવાય.

એકપદપ્રધાન સમાસ પાંચ પ્રકારના છે. (ક) તત્પુરુષ, (ખ) કર્મધારય, (ગ) દ્વિગુ (ઘ) મધ્યમપદલોપી અને (૫) અવ્યયીભાવ

જ્યારે બે શબ્દ વિભક્તિથી એક બીજા સાથે જોડાયેલા હોય અને તેનાં ઘટકને છૂટાં પાડતી વખતે અનિવાર્યપણે વિભક્તિ વાપરવી પડતી હોય તેવા સમાસ તત્પુરુષ સમાસ કહેવાય. વિભક્તિ સાત છે એટલે તત્પુરુષ સમાસ પ્રથમા તત્પુરુષ, દ્વિતિયા તત્પુરુષ એમ સાત પેટાપ્રકારમાં વહેંચવામાં આવે છે. આ સાતેયના ઉદાહરણ આ પ્રમાણે છે:

| | | |
|---|---|---|
| પ્રથમા તત્પુરુષ | ઈશ્વરનિર્મિત | ઈશ્વરે નિર્મિત (કરેલું) |
| દ્વિતિયા તત્પુરુષ | લોકાર્પણ | લોકને અર્પણ |
| તૃતિયા તત્પુરુષ | હસ્તકલા | હસ્તથી થતી કલા |
| ચતુર્થી તત્પુરુષ | કન્યાશાળા | કન્યા માટેની શાળા |
| પંચમી તત્પુરુષ | પદભ્રષ્ટ | પદ ઉપરથી ભ્રષ્ટ |
| ષષ્ઠિ તત્પુરુષ | સૂર્યોદય | સૂર્યનો ઉદય |
| સપ્તમી તત્પુરુષ | પાકશાસ્ત્રી | પાકમાં શાસ્ત્રી |

કર્મધારય સમાસમાં પહેલું પદ વિશેષણ અને બીજું પદ વિશેષ્ય જેવું હોય છે. વિશેષ્ય એટલે કે એવું પદ જેને વિશેષણ લાગે છે. અથવા તો તે સમાસમાં ઉપમા પ્રકારની સરખામણી કે વર્ણન હોય છે. જેમકે કૃષ્ણપક્ષ, સદભાવના, કીડીવેગ, અમૃતપાક, શીતાગાર વગેરે.

દ્વિગુ સમાસ બિલકુલ કર્મધારય પ્રકારના હોય છે. ફરક ફક્ત એટલો હોય છે કે સમાસના ઘટકમાં પહેલું પદ જો સંખ્યાવાચક વિશેષણ હોય તો તે કિસ્સામાં કર્મધારય સમાસ નહિ પણ દ્વિગુ સમાસ થયેલો લેખાય. જેમકે દુપટ્ટો, ચોમાસું, નવરાત્રિ, સપ્તપદી વગેરે.

મધ્યમપદલોપી સમાસ એ લાંબી વાતને ટૂંકી કરતો અને ઘટકના પહેલા અને છેલ્લા શબ્દ વચ્ચે આવતાં બધાં પદને કાઢી નાખતો સમાસ છે. જેમકે દહીંવડા (દહીંમાં નાખવામાં આવેલા વડાં), ઘરજમાઈ (ઘરમાં કાયમ રહેતો જમાઈ), લોકગીત (લોકોએ જાતે રચેલાં

ગીત) વગેરે વગેરે. મધ્યમપદલોપી સમાસનો જ્યારે વિગ્રહ કરીએ ત્યારે તેમાં અધ્યાહાર થઈ ગયેલાં પદ ઉમેરીએ તો જ તેનો અર્થ સ્પષ્ટ થાય.

કર્મધારય સમાસમાં જો પહેલું પદ અવ્યય હોય તો અવ્યયીભાવ સમાસ થયેલો લેખાય. જેમકે દરમાસે, હરઘડીએ, પ્રતિવર્ષ વગેરે.

સર્વપદસમાન સમાસના વર્ગમાં દ્વંદ્વ સમાસ આવે છે. દ્વંદ્વ સમાસ જોડકાં શબ્દોનો બનેલો હોય છે. સાથે આવતાં આ બે શબ્દો મુખ્યત્વે સમાનાર્થી, વિરુદ્ધાર્થી કે વિકલ્પદર્શક હોય છે. તેમાંનો એક શબ્દ અર્થહીન પણ હોઈ શકે છે.

સમાનાર્થી : ઠામઠેકાણું, શેઠશાહુકાર, નોકરચાકર, ભાજીપાલો વગેરે.

વિરુદ્ધાર્થી : રાતદિવસ, લેવડદેવડ, વહેલોમોડો, સુખદુ:ખ વગેરે.

વિકલ્પાર્થી : હાથપગ, ખાધેપીધે, હાલતાંચાલતાં, નરમગરમ વગેરે.

અર્થહીન : ડબલાંડુબલી, શાકબાક, ઊથલપાથલ વગેરે.

અન્યપદપ્રધાન વર્ગનો સમાસ છે બહુવ્રીહિ. આ સમાસમાં બન્ને પદ અનક્રમે વિશેષણ-વિશેષ્ય પ્રકારના હોય છે પરંતુ તેમાંથી બનતો આખો શબ્દ વાક્યમાં કોઈ ત્રીજા પદનું સ્વતંત્ર વિશેષણ બને છે. જેમકે સુશોભિત, એકલપેટો, સમકાલીન, મૃગલોચની, સર્વગુણસંપન્ન વગેરે વગેરે.

વ્યુત્પતિશાસ્ત્ર

વ્યુત્પતિશાસ્ત્ર એટલે કોઈ પણ શબ્દના મૂળ સુધી પહોંચવાનો પ્રયત્ન. મૂળ ધાતુમાંથી કેવી રીતે શબ્દ બન્યા હશે તેનો તેમાં વિચાર કરવામાં આવે છે. ગુજરાતી શબ્દોની વ્યુત્પતિ શોધવાની પહેલ નર્મદ, નવલરામ, છોટાલાલ અને મહિપતરામ રૂપરામે કરી હતી.

કોઈ પણ ભાષામાં અન્ય ભાષામાંથી આવેલા અને એના એ જ રૂપમાં અને એના એ અર્થમાં વપરાતા શબ્દો તત્સમ શબ્દ કહેવાય છે. વ્યુત્પતિશાસ્ત્રમાં તે શબ્દ કઈ ભાષામાંથી ક્યા સંયોગો અને ક્યા સંદર્ભમાં અપનાવાયો હશે તેની વિચારણા કરવામાં આવે છે.

ઉદાહરણઃ સૂર્ય, પરાક્રમ, કાયમ, તાલીમ, બેવકુફ, બદનામ, ટ્રેન-બસ-ટીકીટ વગેરે.

જ્યારે કોઈ પણ શબ્દમાં સમય જતાં ફેરફાર થાય, એનું રૂપ ફરે, એનો અર્થ ફરે, એ અલગ સંદર્ભમાં વપરાતો થાય,  કે તેનું ઘાટઘડતર થાય તો ચલણમાં આવતો નવો શબ્દ તદ્ભવ શબ્દ કહેવાય. આ આખી પ્રક્રિયાના દરેક તબક્કાનો અભ્યાસ વ્યુત્પતિશાસ્ત્રમાં કરવામાં આવે છે.

ઉદાહરણઃ  હાથ, ધરમ, નરમ, તીખું, ચાંદી, દાક્તર, પલટણ, બોજો વગેરે.

આપણી ભાષામાં અસંખ્ય શબ્દો એવા છે કે જેનું મૂળ શોધી ન શકાય અને તે ક્યારે, કેવી રીતે ચલણમાં આવ્યો હશે તે સમજાય નહિ. આવા શબ્દ રૂઢ કે દેશ્ય લેખાય છે.
ઉદારહણઃ ડાબું,  હાંફ,  ઢીંચણ,  ઠીકરું,  ઠસ્સો , રેઢું વગેરે.

## રૂપ સાથે રમો-૨ પ્રકરણ  સમાપ્ત

# પ્રકરણ - ૫
# વાક્યનો કરો વિચાર

## વાક્ય કોને કહેવાય ?

વાક્ય એક શબ્દનું બનેલું હોઈ શકે. જેમકે 'જા', 'લે', 'હા' વગેરે. અથવા એકથી વધારે શબ્દનું બનેલું હોઈ શકે. વાક્ય જ્યારે એકથી વધુ શબ્દનું બનેલું હોય ત્યારે તેમાં ત્રણ લાક્ષણિકતા હોવી જરૂરી છેઃ

(૧) વાક્યમાં વાક્યઘડતર માટેના બધાં જરૂરી શબ્દ હોવા જોઈએ.

(૨) વાક્યમાંના શબ્દોનો એકબીજા સાથે સંબંધ હોવો જોઈએ.

(૩) આ જરૂરી શબ્દો યોગ્ય ક્રમમાં ગોઠવાયેલા હોવા જોઈએ જેથી એ સંબંધ સ્પષ્ટપણે સમજાય અને આખા વાક્યમાંથી કોઈ અર્થ નીકળે.

કોઈ પણ વાક્ય માટે કર્તા અને ક્રિયાપદ જરૂરી શબ્દ છે કેમકે વાક્ય હંમેશા ક્રિયા કે સ્થિતિ બતાવે છે. ક્રિયાપદની વ્યાખ્યામાં ક્રિયા અને સ્થિતિ બન્નેનો સમાવેશ થાય છે. જે વાક્યમાં કર્તા કે ક્રિયાપદ ન હોય ત્યાં તે અધ્યાહાર છે કે અભિપ્રેત છે તેવું બોલનાર-સાંભળનારને કે લખનાર-વાંચનારને સંદર્ભ ઉપરથી સમજાવું જોઈએ. જેમકે 'જા', 'લે', 'હા' વગેરે એક શબ્દના વાક્ય છે. 'જા' કે 'લે'માં ક્રિયાપદ છે અને કર્તા નથી પણ તેમાં 'તું' એટલે કે કર્તા અધ્યાહાર છે. 'હા' વાક્યમાં ભલે કર્તા કે ક્રિયાપદ નથી પણ તે બન્ને અભિપ્રેત છે અને લખનાર-વાંચનાર કે બોલનાર-સાંભળનારને સંદર્ભ પરથી એવું સ્પષ્ટ સમજાય છે કે 'હા, હું આવીશ.' આથી આવા એક શબ્દના વાક્ય પણ પૂર્ણ વાક્ય ગણાય છે. આપણી રોજિંદી વાતચિતમાં 'કોણ?' 'રમેશ?' 'કવિ?' એવા એક શબ્દના વાક્ય પુષ્કળ વપરાય છે અને

બોલનાર-સાંભળનારને તે બરાબર સમજાય છે.

‘સંપ ત્યાં જંપ’ એકથી વધુ શબ્દનું વાક્ય છે. આ વાક્યમાં ન તો કર્તા દેખાય છે કે ન તો કોઈ ક્રિયાપદ. પણ આ વાક્યમાં ‘જ્યાં સંપ હોય છે ત્યાં જંપ હોય છે.’ એવા એક સ્થિતિ દર્શાવતા આખા વાક્યનું માત્ર સંક્ષિપ્તીકરણ કરવામાં આવ્યું છે અને લખનાર-વાંચનાર કે બોલનાર-સાંભળનારને આ બૃહદ વાક્ય અભિપ્રેત હોય છે, તેથી તે પૂર્ણ વાક્ય ગણાય છે.

આથી ઉલટું જ્યાં કર્તા અને ક્રિયાપદ ન હોય અને તે અધ્યાહાર કે અભિપ્રેત પણ ન હોય ત્યાં વાક્ય ન બને. જેમકે *‘રમેશ અને અનિલ’* એ વાક્ય નથી પણ *‘રમેશ અને અનિલ મિત્ર છે’* એ વાક્ય છે. *‘રોજ ઊગે છે અને આથમે છે’* એ વાક્ય નથી પણ *‘સૂરજ રોજ ઊગે છે અને આથમે છે.’* એ વાક્ય છે.

વાક્યમાં શબ્દો વચ્ચે સંબંધ હોવો પણ જરૂરી છે. એક બીજા સાથે સંબંધ ન ધરાવતા ગમે તેટલાં શબ્દ ભેગા કરવામાં આવે તો પણ વાક્ય ન બને. જેમકે ‘રૂમાલનું પિત્તળ અને પાણી પીળું ઢગલા રમે છે.’ આ વાક્યમાં શબ્દો સાચા છે પણ તેમની વચ્ચે પરસ્પર કોઈ સંબંધ જ નથી. પરસ્પરના સંબંધ વિના શબ્દો માત્ર શબ્દ રહે, તેનાથી કોઈ વાક્ય ન બને.

ભલે આપણે કર્તા અને ક્રિયાપદને સમાવી લઈને પરસ્પર સંબંધ ધરાવતા સાચા શબ્દ એકઠાં કરીએ વાક્ય બનાવવા પ્રયત્ન કરીએ પણ જો આપણે તે શબ્દોને યોગ્ય ક્રમમાં ન ગોઠવીએ તો તેમાંથી વાક્ય ન બને.

કલાપીએ તેની ‘ગ્રામ્યમાતા’ કવિતાની પ્રથમ પંક્તિ આ પ્રમાણે લખી છેઃ
ઊગે છે સુરખી ભરી રવિ મૃદુ હેમન્તનો પૂર્વમાં.

પદ્યના આ જ આઠ શબ્દને યોગ્ય અનુક્રમમાં મૂકીએ તો તે ગદ્યનું વાક્ય બની જાય–
હેમન્તનો મૃદુ રવિ પૂર્વમાં સુરખી ભરી ઊગે છે.

પરંતુ જો આ જ આઠ શબ્દ યોગ્ય અનુક્રમમાં ન આવે તો શું થાય–
મૃદુ પૂર્વમાં છે રવિ સુરખી ભરી હેમન્તનો ઊગે.

આ ન તો કવિતાની પંક્તિ છે કે ન તો ગદ્યનું વાક્ય. ગમે તેમ આડાઅવળા શબ્દ મૂકી દેવાથી વાક્ય ન બની શકે.

## વાક્યના વિભાગ

કોઈ પણ વાક્યમાં બે વિભાગ હોય છે.

(૧) કોના વિષે કહેવાયું છે તે બાબત સૂચવતો વિભાગ. આ વિભાગ ઉદ્દેશ્ય કહેવાય.

(૨) શું કહેવાયું છે તે જણાવતો વિભાગ. આ વિભાગ વિધેય કહેવાય.

ઉદ્દેશ્ય તરીકે નામ અને સર્વનામ આવે. જ્યારે વિશેષણ અને કૃદંત નામની ભૂમિકા ભજવતા હોય ત્યારે તે પણ ઉદ્દેશ્ય તરીકે આવી શકે. જેમકે–

| ઉદ્દેશ્ય | વિધેય |
|---|---|
| અનિલ (નામ) | વાંચે છે. |
| મેં (સર્વનામ) | વાંચ્યું |
| ખોટું (વિશેષણ) | ન બોલાય |
| દોડતાં દોડતાં (કૃદંત) | પાણી ન પીવાય |

વિધેય ક્રિયાપદ અને ક્રિયાપૂરક શબ્દોનું બનેલું હોય છે. ક્રિયાપૂરક શબ્દો નામ, વિશેષણ કે અવ્યય હોઈ શકે. જેમકે–

| ઉદ્દેશ્ય | વિધેય-ક્રિયાપૂરક શબ્દ | વિધેય-ક્રિયાપદ |
|---|---|---|
| આબુ | પર્વત (નામ) | છે. |
| તાજમહાલ | ભવ્ય (વિશેષણ) | દેખાય છે. |
| તે | જલદી (અવ્યય) | ચાલે છે. |

વાક્યમાં ઉદ્દેશ્ય અને વિધેય ઉપરાંત જે વધારાના શબ્દ હોય તે કાં તો ઉદ્દેશ્ય સાથે સંબંધ ધરાવતા હોય છે અથવા તો વિધેય સાથે સંબંધ ધરાવતા હોય છે. જે વધારાના શબ્દ ઉદ્દેશ્ય જોડે સંબંધ ધરાવતા હોય તેમને ઉદ્દેશ્યવર્ધક શબ્દોની અને જે શબ્દો વિધેય જોડે સંબંધ ધરાવતા હોય તેમને વિધેયવર્ધક શબ્દોની સંજ્ઞા આપવામાં આવે છે. જેમકે–

| ઉદ્દેશ્યવર્ધક | ઉદ્દેશ્ય | વિધેયવર્ધક | વિધેય |
|---|---|---|---|
| પ્લેગમાંથી પાઠ શીખેલી સુરતની શાણી | પ્રજાએ | તુરંત પગલાં લઈ પોતાના શહેરમાંથી આરોગ્ય માટે ભયપ્રદ | ગંદકી નેસ્તનાબૂદ કરી હતી. |

## વાક્યના પ્રકાર

વાક્યના ત્રણ પ્રકાર છે. (૧) સાદું વાક્ય (૨) સંયુક્ત વાક્ય અને (૩) મિશ્ર વાક્ય.

એક જ ઉદ્દેશ્ય અને એક જ વિધેય ધરાવતું વાક્ય સાદું વાક્ય કહેવાય.

સાદા વાક્યમાં ભલે એકથી વધુ કર્તા હોય, એકથી વધુ કર્મ હોય, એકથી વધુ નામ, સર્વનામ કે વિશેષણ હોય કે એકથી વધુ ક્રિયાપદ હોય પરંતુ તેમાં એક જ ઉદ્દેશ્ય અને એક જ વિધેય હોવું જરૂરી છે. જેમકે–

*શ્રમિત થયેલાં છતાં ઉત્સાહથી ભરપૂર રામ, લક્ષ્મણ અને જાનકી ઝાડી-ઝાખરાં, પહાડ અને નદી વટાવી ઋષિઓના આશ્રમ પર ઝપાટાભેર આવી પહોંચ્યાં.*

સંયુક્ત વાક્ય બે અલગ અલગ સાદા વાક્યોના જોડાણ વડે બને છે. મોટા ભાગે આવા વાક્યો 'અને', 'તથા', 'પરંતુ' , 'છતાં', 'પછી', 'તો પણ'  વગેરે ઊભયાન્વયી અવ્યય વડે જોડાયેલા હોય છે. જેમકે–

(૧) અનિલ અમદાવાદ ગયો અને રમેશ રાજકોટ ગયો.
(૨) મને આઈસક્રીમ ભાવે છે પણ દૂધની અન્ય વાનગી ગમતી નથી.
(૩) મેં તેને ઘણી વિનંતી કરી છતાં તેણે મને કોઈ મદદ ન કરી.
(૪) સુનિલને શરબત ગમે છે પરંતુ ડોક્ટરે ઠંડા પીણા પીવાની ના પાડી છે.

સંયુક્ત વાક્ય બેથી વધુ સાદા વાક્યોના બનેલા પણ હોઈ શકે. જેમકે–

(૧) અનિલ અમદાવાદ ગયો, રમેશ રાજકોટ ગયો પણ સુનિલથી સુરત ન જઈ શકાયું.

(૨) મોહન મારી પાસે આવ્યો, મારી સાથે શાંતિથી બેઠો, ઘરના ઝગડાની બધી ચર્ચા કરી અને પછી મારી સલાહ પ્રમાણે કાકીની માફી માંગી આખા ઝગડાની પતાવટ કરી.

મિશ્ર વાક્ય બે કે તેથી વધુ વાક્યનું બનેલું હોય છે પરંતુ તેમાં એક વાક્ય મુખ્ય હોય છે અને બાકીના બધા વાક્ય મુખ્ય વાક્ય પર અવલંબિત હોય છે અને ગૌણ ભૂમિકા ભજવે છે અને આ તમામ વાક્યો એક બીજા સાથે ઉપરછલ્લો નહિ પણ મજબૂત સંબંધ ધરાવતા હોય છે. જેમકે–

(૧) ખોદે ઉંદર અને ભોગવે ભોરિંગ.

(૨) તેણે કહ્યું કે તે આજે નહિ આવી શકે.

(૩) તમને જે ચોપડી જોઈએ છે તે મારી પાસે નથી પણ કદાચ સુનિલ પાસે હશે.

(૪) તેણે મને ધમકી આપી છે કે જો હું તેને વધુ હિસ્સો નહિ આપું તો તે ભાગીદારીમાંથી છૂટો થશે અને મારી સામે પોતાની નવી દુકાન શરૂ કરશે.

(૫) વ્યાકરણનો વિષય એવો છે કે તેમાં તમે જેમ વધુ અભ્યાસ કરો તો તેમ તમને વધુ મજા આવે.

(૬) જીવનમાં આપણે ગણતરી કેટલાં વર્ષ જીવ્યા તેની નહિ પણ એ વર્ષોમાં આપણે શું કર્યું એની કરવી ઘટે છે.

## વાક્યનો કરો વિચાર પ્રકરણ સમાપ્ત